vitraag vigyaan

અનન્ય પરિવર્તન

November 2016, Mumbai • Volume 6 • Issue 6



‘ઈશ્વરેચ્છાથી’ જે કોઇ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજાથી નહીં પણ અમથડી, એમ પણ અત્ર માનીએ છીએ.

શ્રીમદ્ રાજચંદ્ર પરમ કૃપાળુદેવ

વિક્રમ સંવંત ૧૯૨૪, કાર્તિક પૂર્ણિમાના, વવાણિયા, સૌરાષ્ટ્રની ધરતી પર પૂ. રવજીભાઈ મહેતા અને પૂ. દેવમાને ત્યાં લક્ષ્મીનંદન નામે બાળકનો જન્મ થયો, જે પાછળથી રાજચંદ્રના નામે ઓળખાયા. ફક્ત ૩૩ વર્ષની નાની વયે, દેહ છોડતાં પહેલાં, ઈશ્વરીય ગુણો પ્રગટાવતા, લગભગ કેવળજ્ઞાન સૂધીની દશાએ પહોંચી, જગતના જીવોના કલ્યાણઅર્થે પોતાના સ્વયંસ્ફૂરિત પદો, પત્રો વિગેરેમાં મોક્ષનો મૂળ માર્ગ સરળ ગુજરાતી ભાષામાં વારસારૂપે મૂકતા ગયા.

આ વર્ષ, વિ.સં. ૨૦૭૩ તેમના જન્મની ૧૫૦માં વર્ષની ઉજવણી જગતભરમાં ઠેક ઠેકાણે ઉજવાશે. તેઓની હયાતી દરમિયાન બહુ જ જુજ લોકોને તેમની સાચી ઓળખાણ થયેલ પરંતુ આટલા વર્ષોમાં લાખો લોકો તેમની ભક્તિમાં જોડાયા છે અને જોડાઈ રહ્યા છે.


જ્ઞાનાવતાર, શતાવધાની, કવિશ્રી, હિંદના હિરા, રાયચંદભાઈ, સાહેબજી, પરમ કૃપાળુદેવ વિગેરે વિગેરે અનેક નામોથી તેઓ ઓળખાયા પરંતુ તેઓશ્રી તો પોતાને ''આત્મા'' તરીકે જ માનતા. વ્યવહારિક ઉપાધિની વચ્ચે રહી ૨૪માં તીર્થંકર મહાવીરના શિષ્ય તરીકે જે બોધ ગ્રહણ કર્યો હતો તેને આ ભવમાં ભગીરથ અંતરંગ પુરુષાર્થ દ્વારા પરિણામ પમાડ્યો અને તે બોધ અદ્‌ભૂત રીતે વચનામૃતમાં પ્રકાશિત છે. આત્માનું અપરંપાર મહાત્મ્ય અને તેની પ્રાપ્તિ માટે પ્રત્યક્ષ સત્પુરુષ પ્રત્યે પ્રેમભક્તિ એ જ માર્ગ છે, એ મૂખ્ય વિચારધારા તેમના સર્વ લખાણમાં બિન સાંપ્રદાયિકતાથી ઉપર ઉઠી ઉભરાઈ આવે છે.

આજે ભારતભરમાં તેઓશ્રીના બોધને પામી સંત પુરુષોએ આશ્રમો, મંદિરો અને સ્વાધ્યાય કેન્દ્રો સ્થપાયા છે જ્યાં આત્મ આકાંક્ષી જીવો સત્ ધર્મ પામવાના પુરુષાર્થમાં રત છે.

વિ.સં. ૨૦૭૩માં પરમ કૃપાળુદેવની અનન્ય ભક્તિ અને સ્વઆત્મ-ખોજના વિચાર પુરુષાર્થમાં જોડાઈ જવું અને તેમાં જ રહેવું એ માત્ર યોગ્ય છે !

।। સત્ પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો ।।

With Best Compliments from : Delhi Satsang Group



SPONSORS

USA, CANADA & AUSTRALIA MUMUKSHUS

અનુક્રમણિકા

પ્રાર્થનામૃત ૩
પત્રોની પાંખે ૪
જ્ઞાન સાગર ૫
पूज्यश्री की अमृतवाणी ૧૦
The Master's Voice ૧૪
પ્રશ્નોત્તરી ૧૭
સુધારસ - એક વિચારણા ૧૯
પ્રેરક પ્રસંગ ૨૧
વિશેષ અહેવાલ ૨૨
શ્રી રાધાવતાર ૨૪
ધારાવાહિક નવલિકા ૨૯
Health To Happiness ૩૩
એક નાની વાર્તા ૩૫
RIYF ૩૬
સોહામણું સત્ય ૩૮
एक प्रेरणात्मक सत्य कथा ૪૦
The Reader's Forum ૪૨
Kidzone ૪૪
Recent News ૪૫
Laughter is the Best Medicine ૪૭
તત્ત્વ પહેલી ૪૮
Tasty Bites ૪૯
Forthcoming Events ૫૦
From Us to You ૫૧
Sponsorship ૫૨



Editorial

દિવાળી એ પ્રકાશનું પર્વ છે. જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામી દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા હતાં તેથી જૈનો અનોખી ભક્તિ-પૂજ્યભાવ સાથે દિવાળી પર્વની ઉજવણી કરે છે. દિવાળીમાં ઘરઆંગણે પ્રગટાવેલા દીવાની સાથે ચાલો આપણે પણ આપણા હૃદય આંગણે જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવીએ. આતમ દીવડો જે વર્ષોથી અજ્ઞાનના અંધારા હેઠળ છૂપાયેલો છે એને પુરુષાર્થ વડે પ્રગટ કરીએ. મીઠાઈની મીઠાશ સાથે આત્મ સુધારસની મીઠાશનો અનુભવ પણ માણીએ... રંગોળીના અવનવા રંગો સાથે પુરુષાર્થનો રંગ ઉમેરીએ.

આ વર્ષના ગુરુપૂર્ણિમાના અંકથી શરૂ થયેલી નવી કટાર, 'રાધાવતાર' આપ સહુ વાંચતા જ હશો. એ કોઈ સાધારણ મનોરંજન માટેની સામાન્ય કથાવાર્તા નથી પણ સત્પુરુષની અનુપમ, અસાધારણ અને અદ્‌ભુત ચર્યાની દિવ્યઝાંખી છે. શ્રી કૃષ્ણની એક એક લીલાની પાછળ કેટલો ગૂઢ આશય છૂપાયેલો છે એ તો વિચાર કરતાં જ સમજાય એવું છે.

રંગોળીના વિવિધ રંગોની જેમ 'અનન્ય પરિવર્તન'માં અમે આપને વિવિધ કોલમો આપવાનો પ્રયાસ કરીએ છીએ. ધારાવાહિક નવલિકા 'આગન્તુક' સંસાર અને પરમાર્થના બે પલડાને જોડતી એક અનોખી કથા છે.

આ વર્ષે પરમ કૃપાળુ દેવના જન્મનું ૧૫૦મું વર્ષ ચાલે છે. આ જન્મમહોત્સવને રાજનગર પર્લી ખાતે આપણે ડિસેમ્બર મહિનામાં **મંગલ પરિણય** રૂપે ઉજવવાના છીએ એ આપ સહુને વિદિત હશે જ. તદઉપરાંત પરમ કૃપાળુ દેવના સર્વપ્રથમ સ્થપાયેલા વડવા આશ્રમને હમણાં જ ૧૦૦ વર્ષ પૂર્ણ થયા એની શતાબ્દિ મહોત્સવનો અહેવાલ આ અંકમાં વાંચવાનું ભૂલશો નહીં.

અંતે... આવનારું નવું વર્ષ આપણા સર્વ માટે પરમાર્થમય બને, આપણે આપણા પુરુષાર્થને વર્ધમાન કરીએ અને આતમદીવડાની જ્યોતિ વડે જ્ઞાનનો પ્રકાશ પામીએ એ જ સહુને શુભેચ્છા.



Happy Diwali

Happy Parmarthic New Year

વીતરાગતા

હું.... આત્મા છું.... હું ..... આત્મા છું...

વીતરાગતા મારૂં સ્વરૂપ....

હું રાગરૂપ નથી.... દ્વેષરૂપ પણ નથી.... રાગ દ્વેષથી ભિન્ન.... માત્ર શુદ્ધ.... નિર્મળ.... અવિકારી.... સ્વરૂપ મારું..... રાગ અને દ્વેષ વિકાર છે.... રાગ અને દ્વેષ એ સમલતા છે..... મારા શુદ્ધ સ્વરૂપમાં રાગ દ્વેષ હોય નહીં.

અજ્ઞાને ભૂલ્યો છું.... ભાન ભૂલી.... રાગાદિને મારા માની રહ્યો છું.... તેથી જ રાગ અને દ્વેષની પ્રિતી છૂટતી નથી.... આત્માને પામવા માટે..... નિજાનંદના અનુભવ માટે.... રૂચી બદલવાની જરૂર છે..... અનંતકાળથી સંસારની રૂચીને કારણે.... સંસારે ભટક્યો છું..... હવે સંસાર નથી જોઈતો..... ભવ નથી જોઈતો..... જન્મ કે મરણ નથી જોઈતા..... માટે મારી રૂચિને બદલી દઉં..... સ્વમાં સમાઈ જાઉં.... નિજાનંદનો અનુભવ કરું..... હું આત્મા છું.....

હું આત્મા છું..... હું આત્મા છું..... હું આત્મા છું.....

ॐ शांतिः शांतिः शांतिः ◆

સૌજન્યઃ- પૂ.ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીના પુસ્તક 'આત્મચિંતન'માંથી.





પત્રોની પાંખે

નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્ય શ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દૃષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

આત્મજિજ્ઞાસુ બેન

રમાબેન સાથે મોકલેલ તમારો તારીખ ૧૫-૧૦-૯૬નો પત્ર મળેલ, પરંતુ પત્રની પહોંચ લખી શકાય તેમ ન હતું. કાગળ તો સાથે જ હોય કે આજે જવાબ લખું કે હમણાં લખું, પરંતુ એવો સુઅવસર આજસુધી ન મળ્યો. અત્રે થોડી નિવૃત્તિ મળતાં આજે પત્ર લખું છું.

તમારા અનુભવની વાત જાણી જેમાં તમે પ્રત્યક્ષ મને મળો છો અને દિવાળી પહેલાં જ મારી પાસેથી આત્માની પ્રાપ્તિ કરવી છે, આત્માને ઓળખવો છે અને મારે જ તે આપવાનો છે. આ ભાવો થાય તે જ બતાવે છે આત્માની તાલાવેલી બરાબર લાગી છે. આવી જ તાલાવેલી રહ્યા કરે તો પછી આત્મા કેમ ન મળે ? અર્થાત્ અવશ્ય મળે.

આત્મા મેળવવો હોય તો આરંભ અને પરિગ્રહ બન્ને સંકોચવાથી મળે છે. પરમ કૃપાળુ દેવના વૈરાગ્યને સંભારતા વૈરાગ્ય અને ઉપશમ પ્રાપ્ત થાય છે. વૈરાગ્ય ત્યારે સાંભરે જ્યારે પરમ કૃપાળુ દેવના જીવનના અનેક પ્રસંગો અખંડપણે આપણી સ્મૃતિમાં હોય, અને સ્મૃતિમાં ત્યારે આવે જ્યારે તેમના ચારિત્ર વિશે બરાબર જાણીએ. સમય મળ્યે નીચેના પુસ્તકો જરૂર વાંચી જશો. ભલે વર્ષથી વધારે સમય લાગે. પરંતુ જરૂર વાંચશો.

૧. જીવનકળા ૨. જીવનરેખા ૩. જીવનસિદ્ધિ ૪. શ્રીમદ્‌ની અર્ધશતાબ્દી અંક ૫. શતાબ્દિ અંક ૬. મહા મુમુક્ષુ અંબાલાલભાઈ ૭. અધ્યાત્મ રાજચંદ્ર.

જેટલો વૈરાગ્ય અને અનાસક્તિભાવ વધતો જશે, મન શાંત થતું જશે, વિકલ્પો શમાતા જશે, આત્માની વિશેષ ઓળખાણ થતી જશે, આત્મા ઓળખાતો જશે.

સૌથી વધારે અગત્ય સત્સંગનું છે. જેઓને આત્માના અસ્તિત્વની પ્રતીતિ છે અને કષાયોની મંદતા થઈ છે તથા ઉપશાંત કરવા પુરુષાર્થ કરે છે, તેઓનો સત્સંગ અગત્યનો છે.

પ્રભુ કૃપાએ જલ્દી જલ્દી આત્માનો ઓળખો એ જ ઈચ્છા.

આત્મભાવે સદ્‌ગુરુવંદન.



ભક્તિના સાધનો અને પ્રાર્થના ક્રમ

*પાંચ ઈન્દ્રિયોથી જે જે પદાર્થનો પરિચય થાય છે એ બધા જ પદાર્થો ક્ષણિક છે. અદ્રશ્ય પદાર્થને કોઈ ભવમાં જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી. એવો જે પદાર્થ તે હું જ છું અને જડના સંયોગે કરી ભ્રમીત છું. આ સંયોગથી પર થવું એ મારો ધર્મ છે. આવો વિચાર, સમજણ અને દ્રઢતાપૂર્વક એને આચરવું એ છે સત્ શ્રદ્ધા.

જે શ્રદ્ધાથી જીવે છે તે તત્ત્વને પામે છે. તેનું બાહ્ય જીવન ગમે તેટલું ઉપાધિમય કે દુઃખમય હો તો પણ એના અંતર જીવનમાં તે અક્ષોભપણે રહી પરમ તત્ત્વનાં લક્ષમાં, ભગવાનનાં ધ્યાનમાં અધિકતાએ સ્થિર થાય છે. એકમાત્ર શ્રદ્ધાના બળથી ભગવાન પ્રગટ થઈ સાક્ષાત દર્શન આપે છે. અહો ! આશ્ચર્ય ! પરમ આશ્ચર્ય !

જીવનું બાહ્યજીવન ગમે તેટલું ઉપાધિવાળું હોય અને સંસારમાં ગમે તેટલા દુઃખ આવે પણ જો આ શ્રદ્ધા યથાર્થ રીતે અંતરમાં પ્રગટ થઈ ચૂકી હોય તો આ ઉપાધિમય જીવન ઉપાધિવાળું લાગતું નથી. સંસાર ગમે તેટલો ખરાબ થાય, જીવને દુઃખ લાગતું નથી. ભવોભવથી આટલા દુઃખી થતાં આવ્યા છીએ પણ શ્રદ્ધા જો પાક્કી થઈ જાય તો બધું દુઃખ ચાલ્યું જાય છે. આત્માનું પરમશુદ્ધ તત્ત્વ 'ભગવાન' છે. આત્માની સાચી ઓળખાણ, સમકિતની પ્રાપ્તિ અથવા શુદ્ધ સમકિતની પ્રાપ્તિ એને જ ભગવાનના સાક્ષાત દર્શન કહીએ.

ત્રિકાળી શુદ્ધ સ્વરૂપજ્ઞાન અને સ્વરૂપાચરણથી પ્રસિદ્ધ એવા આધ્યાત્મિક દિવ્ય જીવનમાં ભાગીદાર થવું તે સમ્યક્‌દર્શન.

> **પ્રત્યક્ષ દેહધારી પુરુષ પ્રત્યે જીવ જો બળવાન શ્રદ્ધા રાખી અને વિચાર કરે તો શંકાના જે કારણો છે એ દૂર થઈ એમના પ્રત્યે ભક્તિભાવ અનેક ગણો વધી જાય છે. દોષ દ્રષ્ટિની જગ્યાએ જીવને કાંઈ અદ્‌ભુત એવા રહસ્યોની સમજણ પડે છે. જીવનું 'હું પણું' અને 'મારાપણું' જે અનાદિકાળથી ચાલી આવે છે, એ જગ્યાએ સર્વસ્વ શ્રી ગુરુને અર્પણ થાય છે.**

અનંતકાળથી પરિભ્રમણ કરતાં શ્રદ્ધાના સત્‌સ્વરૂપને જાણેલું નથી. પરમાર્થે જ્યારે સમકિત, આત્મદર્શન કહીએ તો પૂર્વના કોઈ ભવમાં ક્યારેય એનો અભ્યાસ નથી એટલે એમાં સૌથી વધારે અશ્રદ્ધા હોય. લાખો લોકો કહે છે, સંસારમાં રહીને આત્માની અદ્‌ભુત દશાનો અનુભવ ન થાય. સંસારની અંદર ધારેલું બધું મળેલું હોય તો પણ અશ્રદ્ધા વારંવાર થઈ જતી હોય, તો પછી જે પદાર્થ અનંતકાળથી આજ સુધી આપણને કે બીજા કોઈને પણ લગભગ ન મળેલો હોય એવા પદાર્થની શ્રદ્ધા તો ડગી જાય ને ? અહીં બળવાન વિશ્વાસ કરવાનો રહે કે આત્મા મારો છે, એ પુરુષાર્થ કરે તો એનું ફળ મારા આત્માને મળે જ; આ ત્રિકાળી સિદ્ધાંત છે કે બ્રહ્માંડમાં બધા જ પદાર્થો કાર્યશીલ છે એટલે કે કંઈક ને કંઈક ક્રિયા કર્યા જ કરે છે. જડ પદાર્થોમાં પણ પરિવર્તનની ક્રિયા થતી જ હોય છે એટલે કે નવું છે એ ક્રમસર જૂનું, જૂનું થતું જાય છે. 'ચેતન'ની જો સાચી માન્યતા થઈ જાય કે 'હું પોતે જ ચેતન છું' તો પછી ચેતન કોઈપણ ભાવક્રિયા કરે તો એ ભાવક્રિયાનું ફળ ચોક્કસ મળે. ચેતન કષાયના બળવાન ભાવ કરે તો એનું ફળ મળે અને 'હું આત્મા છું, આત્મિક ગુણો મને પ્રગટ થાઓ' એવા જો ભાવ, ક્રિયા કરે તો એનું ફળ મળે. આવી બળવાન શ્રદ્ધા જ્યારે પ્રગટ થાય તો એ કર્મરૂપે આત્માને ચોંટીને રહેવાની છે. આત્મા આ દેહ છોડી ગમે ત્યાં જશે, તો પણ આ ભવમાં કરેલી બળવાન શ્રદ્ધા આત્માની સાથે જઈ આવતા ભવમાં પણ પ્રગટ થશે અને ક્રમશઃ વધતી જશે.

સમકિતની પ્રાપ્તિ થઈ ગયા પછી આત્માનો સાક્ષાત્કાર જ્યારે થઈ જાય, તો અદ્‌ભુત એવું દિવ્યજ્ઞાન અને ચારિત્ર પણ ચોક્કસ પ્રગટ થાય. કેવળીપ્રભુ, સિદ્ધ ભગવાન જે સુખનો, આનંદનો અનુભવ કરે છે એવો અનુભવ આપણે પણ કરી શકીએ છીએ.

ચિદાકારમાં દિવ્ય જ્યોતિદર્શન છે. સમ્યક્‌દર્શનની કોઈ એક ચોક્કસ અનુભવની અંકિત છાપ છે.

અનંતકાળમાં જે અનુભવ નથી થયો, એ અનુભવ થાય એ દિવ્ય-દર્શન છે, સત્યદર્શન છે. એકવાર જો એ થઈ જાય તો કોઈપણ ભવમાં ભૂલી ન શકાય એવો અદ્‌ભુત અનુભવ હોય અને અંકિત થઈ જાય.

અલૌકિક પારમાર્થિક જીવનનું અને ભગવાન સાથે એકતા થવાનું એ પવિત્ર નિર્મળ દર્શન છે. જે ઠેઠ પ્રભુજીના પરમ પાવનકારી ચરણો સુધી લંબાઈને ત્યાં જ ચોંટી જઈ, સ્થિર થઈ એકરૂપ થાય છે.

જેનામાં મુમુક્ષુતા અથવા તીવ્ર મુમુક્ષુતા પ્રગટ થઈ છે એને આવી શ્રદ્ધા હોય છે કે દેહધારી સત્પુરુષ કે જ્ઞાનીપુરુષમાં અને પરમાત્મામાં કોઈ ફરક નથી. આવી અદ્‌ભુત પ્રેમભક્તિ ઉત્પન્ન થાય ત્યારે એમના ચરણમાં મન સ્થાપિત થઈ સ્થિર થાય છે અને ક્રમશઃ દશા વધતાં વધતાં બે, પાંચ કે પંદર ભવે જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

એ ભવ્ય જીવને પોતાના અહંભાવનો અભાવ કરાવી ભગવાનની પ્રેમભક્તિમાં તન્મયતાવાળી દશા લાવીને દેહાત્મબુદ્ધિ અને સકલ વ્યક્તિત્વને ભૂલાવી દે છે ! અહો ! એવી પરમ કલ્યાણકારી સમ્યક્‌ શ્રદ્ધાનું બળ તો જુઓ ! કેવું આશ્ચર્યકારક છે.

ભગવાનની પ્રેમભક્તિમાં તન્મયતાવાળી દશા

લાવવી એ અત્યંત અત્યંત અઘરી છે, કારણ કે દેહધારી પરમાત્મા છે, તો દેહના ધર્મ છે જ. એમની બાહ્ય વર્તના જોઈ જીવને આશંકા, કુશંકાનું કારણ થાય જ કે એ આમ કેમ વર્તે છે ?

પત્ર ૪૬૭માં પરમકૃપાળુ દેવ લખે છે કે **'જ્ઞાનીને વિશે અધુરો નિશ્ચય એ જ જીવનો સૌથી મોટો દોષ છે.'** એક તરફથી પ્રત્યક્ષ દેહધારી પુરુષ એ અત્યંત અત્યંત મોટા કલ્યાણનું કારણ છે. બીજી બાજુ એટલાં જ બળવાન વિકલ્પ, શંકાનું પણ કારણ થાય છે. આ જગ્યાએ જીવ જો બળવાન શ્રદ્ધા રાખી અને વિચાર કરે તો શંકાના જે કારણો છે એ દૂર થાય. પછી એમના પ્રત્યે ભક્તિભાવ અનેક ગણો વધી જાય છે. દોષ દ્રષ્ટિની જગ્યાએ જીવને કાંઈ અદ્‌ભુત એવા રહસ્યોની સમજણ પડે છે. જીવનું 'હું પણું' અને 'મારાપણું' જે અનાદિકાળથી ચાલી આવે છે, એ જગ્યાએ 'મારું કાંઈ કરતા કંઈ નથી; મન, વચન, કાયા, સંપત્તિ, વૈભવ જે કંઈ છે એ સર્વસ્વ શ્રી ગુરુને અર્પણ છે.'

આ દેહાત્મબુદ્ધિ જતાં વર્ષો લાગે છે, કદાચ બે, પાંચ ભવ પણ લાગી જાય. કોઈપણ તીર્થંકરના જીવન ચરિત્રનો ખૂબ ઊંડાણથી, વિચારપૂર્વક અભ્યાસ કરેલો હોય તો ચોક્કસ સમજાય કે જન્મથી આયુષ્ય પૂર્ણ થાય, નિર્વાણ પામે ત્યાં સુધી દેહની ક્રિયા જે પ્રમાણે એક સાધારણ જીવ કરે છે, એજ પ્રકારે તીર્થંકર પણ કરતા હોય છે, કરવી પડે છે, દેહનો ધર્મ છે માટે. એ દેહની ક્રિયા કરે અને છૂટી જાય, એવી જ દેહની ક્રિયા આપણે કરીએ અને બંધાતા જઈએ એ સંભવિત છે ? કહેવાનો આશય એ છે કે જ્યારે દેહાત્મબુદ્ધિ અને સકલ વ્યક્તિત્વ જીવ ભૂલી જાય છે ત્યારે અદ્‌ભુત રહસ્યો એ જીવને પ્રાપ્ત થાય છે. દેહની ક્રિયા હોવા છતાં જીવને એકપણ કર્મબંધનનું કારણ થતું નથી, ફક્ત શ્રદ્ધાના બળવાનપણાથી. શ્રદ્ધા કેટલી બળવાનપણે જીવ કરી શકે છે, ભાવમાં જરાપણ કચાશ ન આવે, થાશે કે નહીં એવો વિચાર માત્ર ન કરે, થઈને જ રહેશે, કરીને જ રહીશ, તો ચોક્કસ થાય છે એટલો સહેલો આ આત્મજ્ઞાનનો માર્ગ છે.

જે લોકો મોક્ષે ગયા છે એ પણ આપણી જેમ અનંતકાળથી સંસારમાં રખડતા હતા. પણ જ્યારે સમ્યક્ સમજણ આવી, બે પાંચ ભવે શ્રદ્ધાનું બળ સમજાતાં, અનુભવમાં લાવતાં બધા જીવો તરી ગયા છે. સંસારમાં અશ્રદ્ધા થવાથી સંસાર ન મળે તો કંઈ નુકસાન થતું નથી પણ પરમાર્થમાં અશ્રદ્ધા થવાથી આત્મા જો ન મળે, તો અનંતકાળ સુધી પાછું પરિભ્રમણ ચાલશે.

હે પ્રભુ ! આપના અનુગ્રહથી આપની અને આપના પવિત્ર વીતરાગધર્મની શ્રદ્ધા થઈ છે. કૃપા કરીને આપ એ શ્રદ્ધાને ખૂબ બળવાન અને પવિત્ર કરાવતા જશો કે જેથી ઉંઘમાં કે સ્વપ્નમાં, જાગતાં કે નિંદ્રા-તંદ્રામાં એક ક્ષણ પણ તે ડગે નહીં.

શ્રદ્ધા માટે ભગવાન પાસે નિયમીત રીતે સવાર-સાંજ આ વિનંતી, પ્રાર્થના થવી જ જોઈએ. અનાદિકાળની કુટેવથી અનેક પ્રકારની શંકાઓ અને વિકલ્પો ચાલવાના છે માટે હે પ્રભુ ! શ્રદ્ધા અમારી બળવાન કરો, બળવાન કરો. જે રીતે રાગ, દ્વેષ અને અજ્ઞાનથી રહિત થવાય એ જ મોક્ષનો માર્ગ છે. બીજી બધી ક્રિયાઓના તીવ્ર આગ્રહ કે દુરાગ્રહ રાખવા કરતા અહમત્વ, મમત્વ, દેહાધ્યાસ વિગેરે ટળે તો જીવને કલ્યાણનું કારણ બળવાનપણે થાય.

પૂર્વની ભૂલોના પરિણામે ગમે તેવા વિષમ ઉદયકાળો કસોટીરૂપે આવે તેમ છતાં પણ એ શ્રદ્ધાનો અંશ પણ વિધ્વંશ ન થાય અને મને તેમાંથી જરાપણ ચલિત ન કરે. હે પ્રભુ ! મારી તો એવી ભાવના છે કે વીતરાગ ધર્મના પાયારૂપ એ શ્રદ્ધાને ઠેઠ મિનારા સુધી લઈ જવી છે, તો આપ પરમ સહાયભૂત થશો એવી આપને વિનંતી છે.

શ્રદ્ધા કેટલા બળવાનપણે જીવ કરી શકે છે, ભાવમાં જરાપણ કચાશ ન આવે, થાશે કે નહીં એવો વિચાર માત્ર ન કરે, થઈને જ રહેશે, કરીને જ રહીશ, તો ચોક્કસ થાય છે એટલો સહેલો આ સમકિત, આત્મજ્ઞાનનો માર્ગ છે.

સંસારની અંદર ઘણા બધા પ્રસંગો બનશે કે દ્રવ્ય કહેતા રૂપિયા, વૈભવમાં હાની થતાં શાંતિ લૂંટાઈ જાય. તેમાં ધર્મનો કે સિદ્ધાંતનો વાંક નથી, જીવની સમજણની ભૂલ છે. ધર્મનું ફળ આત્મશાંતિ છે જે કોઈ તમારાથી લૂટી શકે નહીં. આજે ગમે તેટલાં પૈસા જાય અને અત્યંત અશાંતિ થાય, તો જે કારણે પૈસા ગયા છે એ કાંઈ અશાંતિનું કારણ નથી. અશાંતિનું કારણ આપણી સમજણ છે કે એ મને લૂટી ગયો, દગો કર્યો. પણ કર્મ તો આપણું જ હતું; બીજા કોઈ કંઈપણ કરી ક્યાં શકે છે ? આવી જો સાચી સમજણ હોય તો આ શાંતિ ક્યાંય લૂટાતી નથી, ચોરાતી નથી. એટલે ગમે તેટલા ભયંકર કસોટીના પ્રસંગો આવે ત્યારે પણ આ શ્રદ્ધા તૂટવી ન જોઈએ. લક્ષ એ રાખવાનો છે કે અંતરંગમાં આકુળતા વ્યાકુળતા ન થાય. આત્મા પોતાના મૂળભૂત સ્વભાવને પ્રાપ્ત કરે એ ધર્મ છે. દૈહિક જે કંઈ ક્રિયા કરવામાં આવે એ ધર્મ પ્રાપ્ત કરવાના સાધન છે.

વર્ષો સુધી જુદા જુદા ગુણોનું ચિંતવન થાય ત્યારે આત્માના અમુક ગુણોના દર્શન થાય, પ્રગટ થાય અને ત્યારે વિશ્વાસ આવે 'હું આત્મા છું,' આ મારા આત્માના ગુણ છે. આ ગુણોનો વિકાસ એ મારા આત્માનો વિકાસ છે. એ ગુણથી કેટલા બધા ફાયદા સંસારમાં મને થઈ રહ્યા છે અને જ્યાં સંસારમાં ફાયદા થવા લાગે તો શ્રદ્ધા ચોક્કસ બળવાન થાય.

હે પ્રભુ ! મને આપના ઉપદેશ પ્રસાદથી બરાબર સમજાય છે કે શ્રદ્ધા એ આત્માનો ત્રિકાળી ગુણ છે પણ અપરિણામી કે સ્થિર નથી; શ્રદ્ધા પરિણામ સ્વભાવવાળી હોઈ, વિકાસના સ્વભાવવાળી છે તેથી તે ઉત્તરોત્તર વર્ધમાન થવી જોઈએ, નિર્મળ થવી જોઈએ અને બળવતી થવી જોઈએ. નહિતર તે ઘટે છે અને ઘટતાં ઘટતાં પતનના માર્ગે ચાલી જાય છે. તો હે પ્રભુ ! મને સતત્ જાગૃત રખાવશો, ભૂલ થતી હોય ત્યાં ચેતાવશો અને સાચા માર્ગે આ રંક બાળકને આગળ ધપાવશો.

અનંતકાળના પરિભ્રમણની અંદર શ્રદ્ધાના સ્વરૂપને જે રીતે સમજવું જોઈએ એ રીતે સમજાણું નથી એટલે સંસારના કોઈપણ નાના મોટા કારણો મળે અને શ્રદ્ધા તૂટી જાય.

શ્રદ્ધાનું સ્વરૂપ અપરિણામી અને સ્થિર નથી. શ્રદ્ધાને રોજેરોજ જો પોલીશ કરવામાં ન આવે તો કટાઈ જાય. જ્યાં સુધી અદ્‌ભુત એવું જ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી ગમે તેવી શ્રદ્ધાનું પતન થઈ શકે છે; એક નાનું કારણ મળી ગયું અને શ્રદ્ધા તૂટી ગઈ. જ્યાં સુધી છેવટની દશામાં સ્થિર ન થઈએ ત્યાં સુધી આ શ્રદ્ધા અસ્થિર સ્વભાવવાળી છે. 'હું આત્મા છું' એ જો પાકું થઈ જશે, તો શ્રદ્ધા આત્માનો ગુણ હોવાથી એ પણ ચોક્કસ પાકી થશે.

વળી હે પ્રભુ ! આપનો ઉત્તમ બોધ મને સ્મરણમાં છે કે શ્રદ્ધાને પરિણામી કરવા અને કાર્યશીલ બનાવવા ચિંતન એ મુખ્ય સાધન છે. આપ ભગવંતના દિવ્ય લોકોત્તર ગુણોનું ચિંતન જેમ જેમ વધે છે, તેમ તેમ શ્રદ્ધા વધે છે, આત્મિક પ્રેમ વધે છે અને ગુણોની પ્રાપ્તિ થવા માટે જિજ્ઞાસા અને ઝંખનાનું બળ વધે છે.

ગુરુની આજ્ઞા મળી હોય અને સૂત્ર કે શાસ્ત્રના વાંચન કરી થોડું સમજાઈ જાય તો લાગે હવે મને સમકિત છે. પોતાની સમજણવાળું જે સમકિત છે એને સમજણ સમકિત કહીએ.

ચિંતવનથી આ શ્રદ્ધા ક્રમશઃ બળવતી થતી જાય છે. 'હું આત્મા છું,' નક્કી થયા પછી જીવને પોતાની સમજણ પ્રમાણે આત્મા માટે અનેક જાતના જુદા જુદા વિચારો ચોક્કસ આવશે; પછી 'ઉહાપોહ' ચાલે, બહુ મુંઝાઈ ગયા છીએ, કંઈ સમજાતું નથી કે સાચું શું ? સાચું શું ? આવી ઝંખના થાય પછી ગુરુનો ઉપદેશ મળે અથવા સત્‌શાસ્ત્રના અભ્યાસથી ચિંતવન મનન ચાલે અને જીવની મુંઝવણ નિર્મૂળ થાય છે.

આત્માના અનંત ગુણો છે, એમાંથી પચાસ ગુણનો

વિચાર કરીએ. મહિના, વર્ષો સુધી એક ગુણ ઉપર વિચાર ચાલે, તો પહેલા 'શાંતિ' માટે જે અવિશ્વાસ હતો, એ ગુણની ખાતરી થઈ કે આ ગુણ મારામાં પ્રગટ થયો છે. એવી રીતે વારંવાર મહિના અને વર્ષો સુધી જુદા જુદા ગુણોનું ચિંતવન થાય ત્યારે આત્માના અમુક ગુણોના દર્શન થાય, પ્રગટ થાય અને વિશ્વાસ આવે 'હું આત્મા છું,' આ મારા આત્માના ગુણ છે. આ ગુણોનો વિકાસ એ મારા આત્માનો વિકાસ છે. એનાથી કેટલા બધા ફાયદા સંસારમાં મને થઈ રહ્યા છે અને જ્યાં સંસારમાં ફાયદા થવા લાગે તો શ્રદ્ધા ચોક્કસ બળવાન થાય.

પછી એક જ ધૂન લાગે છે કે જે જે ગુણોની સમજણ અનુભવથી થઈ છે, એ ગુણો કેવી રીતે વિકાસ પામે. સમતા કે શાંતિનો ગુણ જોઈએ છે, તો ક્રોધ કરાય નહીં, આકુળ-વ્યાકુળ થવાય નહીં, તીવ્ર અશુભ ભાવ પણ કરાય નહીં. કોઈપણ ભાવ કરીએ એ તો અશાંતિ છે, ગુણનો નાશ કરે છે. જેમ જેમ આ ગુણોનું ચિંતવન વધે છે, તેમ તેમ શ્રદ્ધા પણ વધે છે. આ સમજણ માત્રથી મહાવીરનો મોક્ષનો માર્ગ કંઈક અદ્‌ભુત રીતે ચોક્કસ જીવને સમજાય છે.

આ ચિંતનસાધનાના આરાધનથી દિવ્ય રહસ્યપૂર્ણ જ્ઞાન ક્રમથી પ્રગટતું જાય છે અને તે થકી પોષણ પામતી શ્રદ્ધા બળવતી અને વેગવતી થતી જાય છે.

આત્માના ગુણોની જેમ જેમ સમજણ પડતી જાય છે, એ ગુણો અનુભવમાં પણ આવતા રહે છે અને શ્રદ્ધા પ્રગટ થાય છે કે આ જ આત્માના ગુણ છે, મારામાં છે, આ ગુણનો વિકાસ થઈ રહ્યો છે. આત્માનું જે જ્ઞાન કહીએ મતિજ્ઞાન, જાતિસ્મૃતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, એનો વિકાસ થતો જાય છે. આજનું જે જ્ઞાન છે, એના કરતાં અદ્‌ભુત એવું રહસ્યપૂર્ણ જ્ઞાન ક્રમશઃ પ્રગટ થતું જાય છે અને દરેક જીવની સંસારની અંદર પહેલા જે સમજ હતી, એ વધારે તીક્ષ્ણ અને સાચી થતી જાય છે, સંસાર પણ સારો થતો જાય છે. પછી એક એવી સમજણ આવે છે કે સંસારની અનેક આંટીઘૂંટી સહજમાં સમજાઈ જાય છે, તો પછી દિવ્ય એવા પદાર્થ પ્રત્યે આ ચિંતવન-મનન થાય તો કેવું આશ્ચર્યકારક પરિણામ આવે.

શ્રદ્ધાના પરિણામે તે ગુપ્ત રહસ્યોના ઊંડાણ સુધી પહોંચવા કાર્યશીલ બને છે. જેમ જેમ તેવી આત્મદશા થતી જાય, તેમ તેમ અંતરંગ કર્મોનાં આવરણ નાશ પામી પરમ સત્‌નાં અપ્રગટ ભેદોનું વિશેષ જ્ઞાન પ્રગટે છે ને પછી જ્ઞાનપ્રકાશના અદ્‌ભુત શીતળ તેજમાં સ્નાન કરી પૂર્ણ શુદ્ધ સ્વરૂપનો આલ્હાદ અનુભવાય છે. સમ્યક્ શ્રદ્ધાનું બળ કોઈ અલૌકિક છે !

હે પ્રભુ ! શ્રદ્ધાનું સ્વરૂપ કેવું આશ્ચર્યકારક છે ! !

નવ તત્ત્વમાં જીવ તત્ત્વ શું કહેવાય ? વિશિષ્ટ ધ્યાનમાં જ્યારે બેસીએ ત્યારે અમૂક પદાર્થ જે મોટા હોય તે નાના દેખાય, સુક્ષ્મ પદાર્થ હોય એ અનેક ઘણા મોટા દેખાય. એવી રીતે જીવજંતુના જુદા જુદા સ્વાદ કહીએ, કોઈમાં ખટાશ, કોઈમાં તીખાશ. કહેવાનો આશય એ છે કે ન માની શકાય એવા બ્રહ્માંડમાં અનેક રહસ્યો સહજપણે પ્રગટ થતાં જાય છે. અદ્‌ભુત એવું કેવળજ્ઞાન પ્રગટ થાય છે, સંપૂર્ણપણે આત્મા ઓળખાઈ જાય છે.

આવી બળવાન શ્રદ્ધા જ્ઞાની પુરુષ પ્રત્યે, એના ધર્મના ઉપદેશ કે બોધ વચન પ્રત્યે, એ શબ્દોના ઊંડા આશય પ્રત્યે થવી જોઈએ. શરૂઆતમાં ન સમજાય તો પણ એકાગ્ર બુદ્ધિથી એને સમજવાનો મહિનાઓ, વર્ષો સુધી પુરુષાર્થ કરવો પડે તો પછી અવશ્ય આ દશા પ્રગટ થાય છે. 'હું આત્મા છું, મને આત્મા પ્રગટ થવો જોઈએ,' એ શ્રદ્ધા બળવાનપણે થવી જોઈએ. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.



वचनामृत पत्रांक ४१६

अक्सर लोग प्रश्न करते रहते हैं कि ध्यान कैसे करना चाहिए? कुछ लोग कहते है कि अनेक वर्षो से ध्यान की शिविरें और ध्यान का अभ्यास निरंतर करते हैं। कुछ लोग वर्षो से विपश्यना करते आ रहे हैं। कोई लोग बताते हैं कि किस तरह से मेडिटेशन करते हैं। कोई ज्योत को अपने समक्ष रख कर, कोई ॐ के चिन्ह को सामने रखकर या अलग अलग प्रतिक को सामने रखकर ध्यान करते हैं और इसी तरह सारी दुनिया ध्यान करती आ रही है। अब जो लोग पांच - दस - पंद्रह साल तक आराधना करने के पश्चात भी कहते हैं कि मैं आज भी भ्रमित हूँ; मन की शांति यह सब करते हुए वर्षोसे नहीं मिली है। वचनामृत में परम कृपालु देवने एक एक शब्द अपने अनुभव के आधार पर लिपिबद्ध किया है।

ध्यान के बारे मे परम कृपालु देवने यहां एक से अठारह तक अलग अलग पद्धतियां बतायी हैं। जिनको प्रयोग करना हों वे प्रयोग कर सकते हैं। एक एक सप्ताह इनका क्रमिक ढंग से प्रयोग करें, सोचें आपके लिये ये संभव है और यह कर सकेंगे।

ध्यान के कई अलग अलग स्वरुप लोंगों ने परम कृपालु देव से कहे होंगे। परम कृपालु देव कहते हैं कि अभी हम जो बता रहे हैं वो सबसे ज्यादा सहज, सरल और सुगम ध्यान का स्वरुप है। प्रयास करना हो तो प्रयास कर सकते हैं।

१. किसी निर्मल पदार्थ में दृष्टि को स्थापित करने का अभ्यास करके प्रथम उसे अचपल स्थिति में लाना।

जिस पदार्थ में दृष्टि को स्थापित करने का अभ्यास करना हो सर्वप्रथम उसे मन में तय कर किसी जगह पर स्थापित कर लीजिये। उसके बाद स्थापित पदार्थ को आँखों को बगैर झपकाए एकटक एकाग्रता से देखना है। ध्यान रहे आँखे खुली रहनी चाहिए और उस पदार्थ पर एकाग्रता पूर्वक केंद्रित रहनी चाहिए। यह प्रयोग तब तक दोहराना है जब तक आप तय न कर लें की आप स्थापित पदार्थ पर एकाग्रता पूर्वक ध्यान बराबर केन्द्रित कर सकते हैं। इसमें चाहे एक – दो, आठ या ज्यादा दिन भी लगें, यह अभ्यास करते रहना है, उसके पश्चात दूसरे चरण का अभ्यास शुरु करना है।

२. ऐसी कुछ अचपलता प्राप्त होने के पश्चात दायें चक्षु में सूर्य और बायें चक्षु में चंद्र स्थित है ऐसी भावना करना।

एकाग्रता प्राप्त हो जाने के पश्चात आपको यह सोचना है मेरी दायीं आँख (चक्षु) में सूर्य और बायीं आँख (चक्षु) में चंद्र है और मन के भाव को इसमें केन्द्रित करना है। यही भाव को रखना जब तक आपको सूर्य और चंद्र वस्तुतः में अपनी आँखों में दृष्टिगोचर होने लगे। यह अनुभव आना ही चाहिए तो निश्चत ही आगे आपको सफलता मिलती जायेगी। यहाँ दृष्टिगोचर होना यानी जैसा आप सबको मालूम है कि दिन भर में या आठ दस दिन में जो बात आप मन की गहराई से बार बार सोचते है वो किसी न किसी रूप में स्वप्न में कुछ परिवर्तन के बाद अवश्य दिखाई पडती है। यानि जो दृश्य मन में आप देखते हैं वह बार बार आपको आँखें बन्द हों या खुली हों व स्वप्न में दिखाई पड़ते हैं।

३. यह भावना जब तक उस पदार्थ के आकारादि का दर्शन न कराये तब तक सुदृढ़ करना।

सिर्फ बोलने से या भाव करने से नहीं चलेगा। जैसे – जैसे एकाग्रता की वृद्धि होगी आपको बंध या खुली आँखों से ही महसूस होगा की सूर्य जैसा गोल तथा तेजस्वी पदार्थ मुझे दिखाई दे रहा है। पूरे शरीर में गरम महसूस हो रहा है। इसी तरह दूसरी आंख में चंद्र प्रकाशित है और काफी ठंडक दे रहा है। यदि आप ऐसा अनुभव करते हैं तो फिर अगले चरण के प्रयोग करने है। परंतु जब तक अनुभव न हो तब तक इस पंक्ति को सौ बार भी पढ़ते रहेंगे, उसका कोई भी मतलब नहीं है। जिस तरह पूरी दुनिया शास्त्र को, गुरु के वचन को पढ़ती रहती है। प्रथम पंक्ति में जो लिखा है उसका अनुभव अगर हम कर रहे हैं और पंद्रह दिन महिने के अंदर पांच – पचास पृष्ठ पढ़ लें उसके बावजूद प्रथम पंक्ति में जो पढ़ा है उसका अभ्यास निरंतर चलना चाहिए और उसका जब परिणाम मिले तब आगे बढ़ते हुए द्वितिय, तृतिय.... पंक्ति का अभ्यास करने अनुभव प्राप्त करना चाहिए। पुस्तक में लिखे हुए अक्षर नहीं पढ़ने हैं, उस अक्षर के पीछे जो भाव है उसका अनुभव होना चाहिए तब उसे कहते हैं कि अभ्यास किया है। पढ़ने से कुछ नहीं होता उसका चिंतन–मनन–अभ्यास करना होता है। इसी तरह ध्यान के प्रयोग सिद्ध होने में कम से कम चार–पाँच महिने या ज्यादा समय भी लग सकता है।

> जिस पुस्तक को पढ़ना हो तो उसमें लिखे हुए अक्षर नहीं पढ़ना उस अक्षर के पीछे जो भाव है उसका अनुभव होना चाहिए तब उसे कहते हैं कि अभ्यास किया है।

४. वैसी सुदृढ़ता होने के बाद चंद्र को दक्षिण चक्षु में और सूर्य को वाम चक्षु में स्थापित करना है।

यह अभ्यास आपको तब तक करना चाहिये जब तक ध्यान में आप जिस पदार्थ का मनन कर रहे हैं उस पदार्थ का दर्शन आपको होने लगे। आपको जो दिखाई पड़ता है उसे बदलना है। इस तरह के बदलाव और यह परिवर्तन आपको निश्चित ही अनुभव में आयेंगे।

५. यह भावना जब तक उस पदार्थ के आकारादि का दर्शन न कराये तब तक सुदृढ़ करना।

यह भावना – चिंतन तब तक करना है जब तक उस पदार्थ के आकारादि का दर्शन आपको न होने लगे। तत्पश्चात उस अभ्यास में सुदृढ़ता प्राप्त होने तक करना है।

यह जो दर्शन कहा गया है वह मात्र भासमान दर्शन है ऐसा नहीं समझना, यह सिर्फ संवेदना या आभास होगा कि मुझे कुछ दिखाई पड़ रहा है और सचमुच में दिखाई पड़ रहा है और दिखाई पड़ेगा।

६. यह दो प्रकार की उलट-सुलट भावना के सिद्ध होने पर भृकुटि के मध्य भाग में उन दोनों का चिंतन करना।

उपरोक्त दोनों प्रकार का अभ्यास सिद्ध होने के बाद आप आपनी भौंह के मध्य भाग में एकाग्रता पूर्वक ध्यान करें कि दोनों वहाँ पर स्थापित हैं। इस तरह भौंह के मध्य भाग में उन दोनों का चिंतन करना।

७. प्रथम वह चिंतन आंखें खुली रखकर करना।

८. अनेक प्रकार से उस चिंतन के दृढ़ होने के बाद आँख बंद रखना। उस पदार्थ के दर्शन की भावना करना।

९. उस भावना से दर्शन सुदृढ़ होने के बाद हृदय में एक अष्टकमल का चिंतन करके उन दोनों पदार्थो को अनुक्रम से वापस स्थापित करना।

१०. हृदय में जो अष्टकमल मानने में आया है, तथापि वह विमुख रुप से रहा है ऐसा मानने में आया है इसलिए उसका सन्मुख रुप से चिंतन करना अर्थात सुलटा चिंतन करना।

११. उस अष्टकमल में प्रथम चंद्र के तेज को स्थापित करना, फिर सूर्य के तेज को स्थापित करना, फिर अखंड दिव्याकर आग्नि की ज्योति को स्थापित करना।

१२. उस भाव के दृढ होने पर जिसका ज्ञान, दर्शन और आत्म चरित्रपूर्ण है ऐसे श्री वीतराग देव और उनकी प्रतिमा के महातेजोमय स्वरुप का चिंतन करना।

वीतराग देव की जो बात कर रहे है वह, जो जैन समुदाय के नहीं है उन्हें अभी समझ में आ ही नहीं सकती और ज्ञान, दर्शन और चरित्र की जो शुद्धता बताई है वह भी समझने में बहुत ही कठिन प्रतीत होगी। दूसरे शब्दों में यह कहेंगे कि ऐसी जिसकी दशा है वह प्रत्यक्ष देहधारी पुरुष है, जिनको आत्मज्ञान है वैसा कोई पुरुष हो जिसका अपरोक्ष रुप से यहाँ वर्णन किया गया है।

१३. उस परम दिव्य प्रतिमा का न बाल, न युवा, न वृद्ध इस प्रकार दिव्य स्वरुप से चिंतन करना।

१४. संपूर्ण ज्ञान, दर्शन उत्पन्न होने से स्वरुप समाधि में श्री वितरागदेव यहाँ हैं ऐसी भावना करना।

१५. स्वरुपसमाधि में स्थित श्री वीतराग आत्मा के स्वरुप में तदाकार ही हैं ऐसी भावना करना।

१६. उनके मूर्धस्थानसे उस समय ॐकारकी ध्वनि हो रही है, ऐसी भावना करना।

> यदि आत्मा पर एकाग्रतापूर्वक चिंतन किया जाय, तो आत्म नित्य पदार्थ होने के कारण हमारा मानस इधर-उधर नहीं भटकेगा। इसीलिए आत्मध्यान ही सबसे श्रेष्ठ ध्यान है। आत्मध्यान तभी हो सकता है जब आत्मा की कुछ प्रतीति, अनुभव होता है।

१७. उन भावनाओंके दृढ़ होनेपर यह ॐकार सर्व प्रकारके वक्तव्य ज्ञानका उपदेश करता है, ऐसी भावना करना।

१८. जिस प्रकारके सम्यक्मार्गसे वीतरागदेव वीतराग निष्पन्नताको प्राप्त हुए ऐसा ज्ञान उस उपदेशका रहस्य है, ऐसा चिंतन करते हुए वह ज्ञान क्या है? ऐसी भावना करना।

१९. उस भावना के दृढ़ होने के बाद उन्होंने जो द्रव्यादि पदार्थ कहे हैं उसकी भावना करके आत्मा को स्वस्वरूप में चिंतन करना, सर्वांग चिंतन करना।

इन उन्नीस प्रकार में से जिन्हे जिस प्रकार से ध्यान के प्रयोग करना चाहते हो तो कर सकते है। यह अत्यंत ही ध्यानपूर्वक समझना है। यह मात्र भूमिका थी, पृष्ठभूमि थी ध्यान में क्या करना है उसे आगे बताया जा रहा है:-

ध्यान के अनेक प्रकार हैं। उन सब में से श्रेष्ठ ध्यान वह जिसमें आत्मा मुख्य रुप से रहता है।

आत्मा है, वह नित्य है, अजर, अमर, अविनाशी है यह

सब लोग जानते है और आत्मा के अतिरिक्त अन्य किसी पदार्थ पर हम एकाग्रतापूर्वक ध्यान केन्द्रित करते हैं और वह पदार्थ नित्य नहीं है, अनित्य है मतलब नाश होने वाला है तो उसके साथ हमारा ध्यान भी भटक सकता है। आत्मा नित्य पदार्थ होने के कारण यदि आत्मा पर एकाग्रतापूर्वक चिंतन किया जाए तो हमारा मन इधर-उधर नहीं भटकेगा। इसीलिए आत्मध्यान ही सबसे श्रेष्ठ ध्यान है। आत्मध्यान तभी हो सकता है जब आत्मा की कुछ प्रतीति, अनुभव होता है।

इस आत्मध्यान की प्राप्ति प्रायः आत्मज्ञान की प्राप्ति के बिना नहीं हो सकती।

आत्मध्यान करना है तो आत्मा तो सामने होना चाहिए। हमारे पास आत्मा की कोई समझ ही नहीं है ओर सिर्फ बोलने के लिए आत्मा, आत्मा बोलते हैं। यदि आत्मा के बारे में कुछ भी जानते नहीं तो उसका ध्यान जब तक आत्मा की आंशिक रुप से थोड़ी या बहुत अनुभूति न हो तब तक ध्यान की बात सोचनी ही नहीं चाहिये।

ऐसा जो आत्मज्ञान है वह यथार्थ बोधकी प्राप्ति के बिना उत्पन्न नहीं होता।

ऐसा आत्मज्ञान, वह यथार्थ ज्ञानकी प्राप्ति का कारण हो सकता है। यथार्थ बोध का मतलब है कि आत्मा के बारे में हजारों सवाल पूछो तो आत्मा का जिसने साक्षात अनुभव किया हो वही आत्मा के बारे में हर प्रश्न का उत्तर भी दे सकते हैं। अज्ञानी आदमी जिस ढंग से समझ सके वैसे ही उदाहरण देकर आत्मा के बारे में समझा सकते हैं। अब जिनको आत्मा का अनुभव ही नहीं हो, वह महावीर के आगम या शास्त्र जो भी पढ़ते है तो जो लिखा है वही शब्द बता सकते हैं, उसके अलावा और कुछ भी वह नहीं बोल सकेगें। जिनको आत्मज्ञान है, आत्मा का साक्षात अनुभव है वह जो भी बोलेंगे वह किताबों में नहीं होगा। आत्मा का अनुभव किताबों में नहीं लिखा जा सकता। मगर सुनने वालो को तुरंत समझ में आ जाता है क्योंकी उनके पास भी आत्मा है। एक आत्मा दूसरी आत्मा की बात को आसानी से समझ लेता है। यथार्थ बोध का मतलब आत्मा को सही ढ़ंग से जो पहचानता है वही उसका विवेचन सहज एवं सरल भाषा में कर सकता है जिसे अनाड़ी कहो, अज्ञानी कहो या दुषित आत्मा कहो, सभी सहजता से उसे समझ सके। इसलिये इसे यथार्थ बोध कहा गया है। जहाँ अनुभव नहीं है वहाँ बातें करते समय काल्पनिकता हद से ज्यादा होती है, वास्तविकता बहुत कम होती है।

आत्मज्ञान से ही आत्मध्यान होता है और आत्मज्ञान, यथार्थ बोध जब मिलता है तब संभव है अन्यथा नहीं। यह यथार्थ बोध की प्राप्ति प्रायः बहुत से जीवों को क्रमशः प्राप्त होती है और उसका मुख्य मार्ग उन बोधस्वरूप ज्ञानी पुरुष का आश्रय या संग और उनके प्रति बहुमान या प्रेम है।

परमात्मा में तथा इस ज्ञानी पुरुष में कोई भी फर्क नहीं है ऐसी अनुभूती, इतना बहुमान, ऐसा प्रेम जब आपको होता है तब जिनको आत्मा का अनुभव है, जिनकी इतनी योग्यता होती है वह ज्ञानदान सुपात्र को कर देते हैं।

यथार्थ बोध ऐसे आत्म प्राप्त पुरुष के पास से प्राप्त हो सकता है प्रति किसी भी जन्म में किसी को भी ऐसा प्रेम या प्यार न किया हो उतना ज्यादा प्रेम उस पुरुष के प्रति हो और विनय कहें, बहुमान कहें वह भी उनके लिए होना चाहिये। जैसे साक्षात परमात्मा ने मेरे लिये यह देह धारण किया है। परमात्मा में तथा इस ज्ञानी पुरुष में कोई भी फर्क नहीं है ऐसी अनुभूती, इतना बहुमान, ऐसा प्रेम जब आपको होता है तब जिनको आत्मा का अनुभव है, जिनकी इतनी योग्यता होती है वह ज्ञानदान सुपात्र को कर देते हैं। यदि शिष्य में योग्यता है तो कोई भी गुरु शिष्य से कुछ भी गुप्त नहीं रख सकता। यदि गुप्त रखता है तो उनकी शक्ति नष्ट हो जाती है।

ज्ञानी पुरुष का वैसा संग जीव को अनंतकाल में बहुत बार हो चुका है। तथापि यह पुरुष ज्ञानी है इसलिये अब उससे आश्रय करना यही कर्तव्य है, ऐसा जीव को कभी नहीं लगा। ◆ (...क्रमश)

ॐ शांतिः शांतिः शांतिः

SHRIMAD RAJCHANDRA VACHANAAMRUT

Patrank : 37 *(Contd.)*

To recapitulate from the previous issue……

Param Krupaludev, in this Letter addressed to Shri Juthabhai says that the only question to be asked to soul is, do you desire liberation? Then shed all desires-doubts, attractions-revulsions. If you are having any difficulty in shedding them and feel that you can't do it, pray to Param Krupaludev daily that I am unable to do so. You will experience that your soul has started abiding and 100%, it will forgo the attractions-revulsions and they will disappear. That there is so much power in HIS utterances is experienced when you sincerely believe that HE is right in HIS every utterance and in those the path of liberation is contained. Unfortunately, jiv (aspirant) has not surrendered unto HIM in the true sense. When you truly surrender unto Lord, all shortcomings have to go…. That's the principle.

…… and continue herein below

***Whenever we meet, if possible I will show you some aatmic sadhana.**

When you have surrendered your body, mind, speech, wealth, etc. in short, everything to the Lord and if you have acquired the requisite capability, I will show you some sadhana for doing atmadharma but real dharma is to be rid of attractions and revulsions and keep that focus. In every activity, every little or significant occasion, the focus ought to be whether we are getting rid of raag – dvesh.

***Upyog (focus) is the only process (sadhana).**

What is meant by sadhana and aaradhana of atma dharma? The soul's characteristic is "to see and know" and if this is not adulterated with attractions-revulsions, the focus (upyog) is said to be flawless. Whenever we see, know, think or are in a state of contemplation, deep within us, there are underlying thoughts like if this happens it will be good, this should not happen; if this is done it will be good or vice versa, which is focus with flaws. Since time immemorial, not a second of our focus has been pure. Keeping the soul's focus flawless is the ultimate of all processes and that is sadhana. If a jiv is able to do this, it can definitely be said that all vows, austerities, disciplines, rituals, pilgrimages have been done.

***Special Sadhana is only following a Satpurush, this I am telling you.**

If one is not under the guidance of a Satpurush then the focus should be being free of desires-doubts. Param Krupaludev says most powerful and effective sadhana is seeking a Self Realized and if he is found and

A soul's characteristic is "to see and know" and if this is not adulterated with attractions-revulsions or desires–doubts, the focus (upyog) can said to be flawless. Keeping the soul's focus flawless is the ultimate of all methods or processes and that is sadhana.

one devotedly follows HIS instructions and guidelines, the path to liberation is achieved.

On coming in contact with a self realized person, if a jiv feels that he is truly self realized not on the recommendation of others and experiences peace, satisfaction and gets confirmation from within his own soul, it is the jiv's own self knowledge which develops within and leads to deep contemplation. Knowing where exactly a self realized's knowledge resides and that I do not possess such knowledge is being self realized from a limited perspective. With such an understanding, a jiv progresses further on the path.

We have heard words like consciousness, faith and realization a thousand times but they are ineffective for us. We refuse to believe that our attractions-revulsions can be reduced and only god can do it. Instead, why can't we reduce them from say, half an hour to a few minutes? It is possible. Whatever our soul can grasp, understand and apply is uttered by Param Krupaludev in every sentence of HIS.

From morning to evening and from birth till death, what kind of understanding is to be grasped is the meaning of consciousness. And once this achieved, one will then acting accordingly. Without the terminology used in scriptures, Param Krupaludev is lighting the entire path for us.

***Always remain in atmabhaav.**

"I am soul" – remain in this thought always.

***Keep your focus in dharmadhyan.**

There is so much in this world. Reducing worldly desires and after discharging one's worldly duties, I want to make this human birth successful, know my own soul is what dharma is. Bhakti, scriptural study or chanting mantra is not dharma. Those activities have arisen due to past karmas. Discussing or listening to discourses etc. is not dharmadhyan (concentration). I have this wonderful tool - body, "I am soul" and will achieve self realization, such thinking and not loosing the focus and constant dwelling on such thoughts is what is real dharmadhyan.

***It is not at all right to be happy or sad about any worldly thing, relatives, family members or friends. That we gain the ultimate and eternal peace of soul is our only dharma (duty) and remaining in that desire all the time will lead us to it, be assured about it.**

How can one concentrate on God who is pure consciousness? Do not indulge in religious discussions or arguments. Today, our efforts should be to experience peace, satisfaction and bliss for10-15 minutes in 24 hours. Gaining ultimate Peace is what true dharma or religion is and this should be the objective. Then, whatever rituals etc. you wish to do, can be done. All outwardly religious activities and small rituals are beneficial only when the ultimate objective or goal is clear. If not,

One ought to recognize a self realized (person) himself and not on the recommendation of others.

All equipments are binding, no solution remains;

How can I be free, when real equipments not understood?

(couplet from Shrimad's poem – Sadgurubhakti Rahasya)

All philosophies and religions of the World believe that true religion or dharma is gaining ultimate Peace, Happiness and Bliss but we lose sight of our ultimate goal due to impressions of past lives and indulge in outwardly activities.

Just like the soul of Param Krupaludev who saw, knew and realized, I too desire my soul and want to realize it, I too want to reach the ultimate state of eternal bliss; and that is the only thing I wish for, if such desires remain constantly alive, then they will fructify because the one who is strongly desiring is soul itself. The soul itself is full of Peace, Happiness and Bliss, called by names such as the Blissful One, Peaceful One. Forgetting that I am that One, we seek pleasures outside.

When a jiv understands that happiness is within me, I have to find it, if I achieve self realization, I have achieved everything and

All philosophies and religions of the World believe that true religion or dharma is gaining ultimate Peace, Happiness and Bliss but we lose sight of our ultimate goal due to impressions of past lives and indulge in outwardly activities.

when he knows this, whatever desires arise, they all emanate from the soul. Then how can one remain hidden from his own self? "I am soul" and "the tatva which sees and knows resides in this body – remaining in these thoughts, self realization is achieved.

***Do not forget that I am not in any sect but in soul.**

I am not in any sect. I am soul and believe myself to be it.

***This body is to be used for achieving self realization and all efforts to maintain the body are also for achieving the same.**

Humbly, Rajchandra

There is so much in this world. Reducing worldly desires and after discharging one's worldly duties, I want to make this human birth successful, know my own soul is what dharma is. Bhakti, scriptural study or chanting mantra is not dharma. Those activities have arisen due to past karmas.

This human body is a unique tool by the use of which, liberation can be achieved. Therefore, such a tool or equipment should be maintained well, not for worldly enjoyments but for making the soul residing in it progress to a certain level and doing this is also atmadharma. However, this is possible only after acquiring some understanding of the soul. Having reached a certain level, whatever happens to the tool (body) should not bother us.

AUM SHANTI: SHANTI: SHANTI:

Concluded

Note: This translation and edited version of Param Pujya Premacharyaji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan

* Indicates textual material



Q આત્માનો વિશેષ અનુભવ કરવો હોય તો શું કરવું ?

સહુ પ્રથમ તો તીર્થંકરે જે પ્રકારે આત્માનું વર્ણન કર્યું છે તે ૧૦૦% સમજમાં આવવું જોઈએ. આત્મા છે એની કોઈપણ ઉપાયે પ્રતીતિ મળવી જોઈએ. જ્યાં સુધી પ્રતીતિ નથી ત્યાં સુધી 'હું આત્મા છું' એ પોપટની જેમ જ બોલાય છે. 'હું આત્મા છું' ની પ્રતીતિ એ આત્મવિકાસ માટેનું પ્રથમ પગથીયું છે. ત્યાર પછી આત્માની નિત્યતા, આત્માના ગુણોની નિત્યતા સમજાય. જો હું આત્મા છું તો પછી એ બધા ગુણો મારામાં હોવા જોઈએ. જૈન દર્શનમાં ત્યાર પછી આત્માનું કર્તાપણું અને ભોક્તાપણું બતાવ્યું છે. બરાબર અનુભવથી સમજાવું જોઈએ કે કયા પ્રકારે આત્માનું કર્તાપણું છે અને કર્તાપણું છે તો કયા પ્રકારે ભોક્તાપણું છે. આટલું થાશે તો ચોક્કસ સમજમાં આવશે કે જો આત્મા ઉપરથી કર્મની વર્ગણાઓ દૂર થશે, એટલે કર્મની નિર્જરા (મોક્ષના ઉપાય) થશે તો એને મોક્ષની પ્રાપ્તિ થઈ જશે. કેવી રીતે શું શું પુરુષાર્થ કરવો એ જેમ જેમ સમજવામાં આવશે, તો આત્માનો ચોક્કસ વિકાસ થશે.

સંસાર અને પરમાર્થ બન્ને પરસ્પર વિરોધી છે. એક હોય ત્યાં બીજું ન જ હોઈ શકે. જો તમને સંસારમાં મોહ હોય અને સંસારમાં રચ્યા પચ્યા રહો તો ત્રણેય કાળની અંદર મોક્ષ ન મળે અથવા આત્માનું કલ્યાણ કે અનુભવ ન થાય. સંસારનો કેટલો મોહ, આસક્તિભાવ ઓછો કરી શકો છો એના ઉપર બધો આધાર છે. થિયરીમાં આ બધું જાણીને પ્રેક્ટિકલી સંસારનો મોહભાવ ક્ષય થવો જોઈએ. આ જ મોક્ષનો ઉપાય છે.

Q 'એક અંશ શાતાથી લઈને પૂર્ણ કામતા સુધીની સર્વ સમાધિ, તેનું કારણ સત્પુરુષ જ છે.' - સમજાવો.

સામાન્ય નિયમ પ્રમાણે જેટલું પુણ્ય છે એ પ્રમાણે સુખ મળે છે. જે સુખ મળે છે તે શાતા વેદનીય છે એટલે કે સુખને ભોગવીએ છીએ. એક અંશ એટલે ઓછામાં ઓછું જે સુખ મળે છે એનું કારણ સત્પુરુષ છે એમ પરમ કૃપાળુ દેવ કહે છે.

નિગોદમાંથી નીકળીએ ત્યારે ક્રમશઃ એક ઈન્દ્રિય, બે ઈન્દ્રિય પ્રમાણે જન્મ લેવો પડે છે. જ્યારે તિર્યંચમાં જન્મ લઈએ ત્યારે નિયમથી પ્રાણી કે હિંસક પશુનો જન્મ હોય અને બીજા જીવોને મારીને જ પોતાનું પેટ ભરતા હોય છે. એટલે પુણ્ય કોને કહેવાય એ ખબર ન હોય. અહીંથી દેહ છૂટે પછી એ નિયમથી નરકમાં જાય ત્યાં પણ હિંસા કે મારપીટ જ હોય. અહીં પણ પુણ્યની ખબર ન હોય. નરકમાંથી મનુષ્ય જન્મ પામે તો પણ જે સંસ્કાર તિર્યંચ અને નરક ગતિમાં પડેલા છે એ સાથે લઈને આવે એટલે એનું વર્તન હિંસક હશે. ત્યાં કોઈ પણ પ્રકારે પુણ્યનું વર્તન ન હોઈ શકે. આવા બે-ચાર રાઉન્ડમાં મનુષ્ય જન્મ પામ્યા પછી કોઈના કહેવાથી ધર્મના નામે કંઈક કરે છે. પણ સત્‌ધર્મ ન સમજાય તો કર્મબંધનનું કારણ છે. એટલે કે સમજણ વગર ધર્મના નામે જેટલી વધારે ક્રિયા કરે છે એટલું વધારે કર્મબંધન કરે છે અને પાછું 'હું ધર્મ કરું છું' એનું અભિમાન પણ રહે છે. દા.ત. જ્યારે કોઈ મોટું દાન આપે છે ત્યારે તેમાં પોતાનો અહમ્‌ભાવ, માનભાવ પોષાય એવી શરતો સાથે દાન આપે છે તો ત્યાં ચોક્કસ કર્મબંધન છે.

જ્યારે કોઈ આત્મપ્રાપ્ત સત્પુરુષ મળે છે ત્યારે તે પરિગ્રહ બુદ્ધિથી છૂટવા માટે દાનનો મહિમાં સમજાવે છે, સંસારનો મોહ તોડવો હોય તો પરિગ્રહ બુદ્ધિ છૂટવી જ જોઈએ. જ્યારે દાન કરીએ ત્યારે સમજવાનું કે એમની સાથે પૂર્વનું કોઈક ઋણ ચૂકવવાનું બાકી હતું, એટલે દાનની બડાઈ મારવાની જરૂર નથી.

એટલે જ્યાં સુધી જ્ઞાની નથી મળતાં ત્યાં સુધી આ વાત સમજાતી નથી.

Q કર્તાપણાના ભાવ ઘટાડવા માટે શું કરવું ?

દરેક કામ પોતે કરી લેવું, બીજાને હુકમ કરવા નહીં. આપણે કોઈને ઓર્ડર ન કરીએ તો એક પ્રકારે આપણું કર્તાપણું વહ્યું ગયું. બીજું જે કામ આપણે કરીએ છીએ ત્યાં એમ વિચારવાનું કે પરમ કૃપાળુ દેવની કૃપાથી આ કામ થઈ ગયું, મેં નથી કર્યું. મેં કર્યું એવો ભાવ ન રહે તો કર્તાપણું નથી. ◆



સુધારસ - એક વિચારણા

■ **પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



સુધા એટલે સુધારસ-સુધાની ધારા. ધારા તો પ્રવાહીની હોય. સુધારસનો વિષય ગંભીર છે. તેનો અનુબંધ બહુ ઓછા શાસ્ત્રોમાં છે. ટ્રેડિશનલ જૈન પરંપરામાં એ નથી, પણ નિશ્ચય સુધારસને પરંપરામાં સ્વસંવેદન કહેવામાં આવે છે. તે થોડું ઘનિષ્ઠ અને ઊંચી કક્ષાનું હોય છે એટલે તેને સ્વાનુભૂતિ કહેવામાં આવે છે. તેની પૂર્ણતા કેવળજ્ઞાન થતાં થાય છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પત્રાંક - ૧૯૭માં સુધારસ વિશે કહ્યું છે કે,

''જ્ઞાનના 'પરોક્ષ-અપરોક્ષ' વિશે પત્રથી લખી શકાય તેમ નથી; પણ સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન થયાં છે, અને જો અસંગતાની સાથે આપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે; કારણ કે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે.''

આ સુધારસનો અનુભવ ધ્યાન દરમ્યાન થાય છે. જ્યારે આપણે ધ્યાનનો અભ્યાસ કરીએ ત્યારે તેમાં બરાબર એકાગ્રતા આવે તે સમયે આપણા મુખમાંથી એક વિશેષ પ્રકારનો રસ ઝરે છે તે દ્રવ્યસુધારસ છે. આ સુધારસ ધ્યાન દરમ્યાન બધાને થાય જ એવો કોઈ નિયમ નથી, પણ થવાની સંભાવના છે અને થાય તો તે એક શુભ નિશાની ગણાય. જો સાધક તેમાં અટકી જાય તો તે સાધનામાં આગળ વધી શકે નહીં. આ દ્રવ્યસુધારસ તો ફક્ત Indication Milestone છે. જેમ કે વડોદરા જતાં વચ્ચે માઈલસ્ટોન આવે કે હવે વડોદરા ૧૫ કિ.મી. રહ્યુ પણ તે માઈલસ્ટોન તે વડોદરા નથી. તે એવું સૂચિત કરે છે કે તમે સાચા રસ્તે છો અને હવે અહીંથી ૧૫ કિ.મી. ચાલશો એટલે વડોદરા આવશે. જેમ અકસ્માત્ કોઈ માઈલસ્ટોન ઉખડી ગયો હોય તો કાંઈ વડોદરા નહીં આવે એમ નથી, તેમ કોઈને જો દ્રવ્યસુધારસનો અનુભવ ન થાય તો તેનો અર્થ એમ નથી કે તે સાચા રસ્તે નથી. આવો અનુભવ કોઈને થાય પણ ખરો, અને ન પણ થાય. આપણે માત્ર દ્રવ્યસુધારસમાં અટકવાનું નથી, પણ દ્રવ્યસુધારસમાંથી ભાવસુધારસમાં જવાનું છે. ભાવસુધારસમાં જવા માટે એવું ચિંતન કરવું કે ધ્યાન દરમ્યાન જે એકાગ્રતા થઈ છે તે શેમાં થઈ છે ? એકલી એકાગ્રતાથી મોક્ષ ન થાય. શુદ્ધભાવ-શુદ્ધલક્ષમાં એકાગ્રતા થાય તો ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. ધ્યાનની સિદ્ધિ માટે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ત્રણેય જોઈએ. આ ત્રણેય દ્વારા પરિપક્વ થયેલ સાધક જ્યારે તેનાથી આગળ શુદ્ધ આત્મદ્રવ્યનો લક્ષ કરે ત્યારે ચિત્તની શુદ્ધિ અને એકાગ્રતા બન્ને થાય. આ બન્નેનો યોગ્ય સમન્વય થાય ત્યારે સ્વસંવેદનજ્ઞાન અથવા આત્માનો અનુભવ પ્રગટે.

એકાગ્રતા અને નિર્મળતા વારંવાર થાય તો ભાવસુધારસ પ્રગટે. તે નિર્મળતાનો પાયો વૈરાગ્ય છે. તેના વિના ચિત્ત નિર્મળ થાય નહીં. જેના અંતરમાં ભક્તિ ન હોય તેના ચિત્તમાંથી અહંકારનો નાશ થાય નહીં. જેના અંતરમાં ગુરુગમ સહિત શુદ્ધાત્માનો બોધ ન હોય તેને જ્ઞાનપ્રાપ્તિ થાય નહીં. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'મૂળમાર્ગ રહસ્ય'માં જ્ઞાનની વ્યાખ્યા કરતા કહ્યુ છે કે,

''છે દેહાદિથી ભિન્ન આતમા રે,
ઉપયોગી સદા અવિનાશ, મૂળ,
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.''

જ્યાં સુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી આગળની દશા પ્રગટે નહીં. નિશ્ચય સમકિત થયા પહેલા જ્ઞાન કહ્યું, પછી શ્રદ્ધા કહી અને પછી સ્થિરતા કહી અને ત્યારબાદ તે ત્રણેની એકતા કહી. ચોથા ગુણસ્થાનમાં માર્ગની પ્રાપ્તિ થાય છે અને ૧૩માં ગુણસ્થાને તે માર્ગની પૂર્ણતા થાય છે.

વીતરાગદર્શનમાં આ પ્રકારે સુધારસનું વર્ણન મુખ્યપણે આવતું નથી. જેને વધારે સુધારસ પામવો હોય, તેની વધારે ઘનિષ્ઠતા કરવી હોય તો તેના માટે અસંગતા જોઈએ. શહેરોનું

ધમાલિયું વાતાવરણ, અસત્પ્રસંગો અને અસત્સંગ હોય ત્યાં પરમ આધ્યાત્મિક શાસ્ત્રો વાંચે તો તેનું ફળ મુખ્યપણે થતું નથી. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી 'ઉપદેશ નોંધ ૧૫'માં અધ્યાત્મશાસ્ત્ર વાંચવાની પૂર્વ શરતરૂપે કહે છે,

''ઈન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે, અમૃત છે.''

જેણે સત્પાત્રતા પ્રગટ કરી હોય તેને પણ થોડો ઈન્દ્રિયનિગ્રહ હોય છે.

''મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર; કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.''

આવા સદ્ગુણોનો વિકાસ અને ઈન્દ્રિયનિગ્રહ વિશેષ સત્સંગમાં, નિવૃત્તિક્ષેત્રમાં થાય.

ભગવાને આત્મજ્ઞાનરૂપી કાર્યની સફળતા થવા માટે યોગ્ય દ્રવ્ય, યોગ્ય કાળ, યોગ્ય ક્ષેત્ર અને યોગ્ય ભાવ કહ્યા છે. ખરો ઈન્દ્રિયનિગ્રહ તો મુનિમહારાજને જ થાય, પણ તેનો અભ્યાસ તો મુમુક્ષુ પણ કરી શકે છે અને જો તે અભ્યાસ ન કરે તો તે મુમુક્ષુ નથી. પરમ કૃપાળુદેવ 'શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૬૮'માં જણાવે છે,

''મન અકસ્માત્ કોઈથી જ જીતી શકાય છે. નહીં તો અભ્યાસ કરીને જ જિતાય છે. એ અભ્યાસ નિર્ગ્રંથતામાં બહુ થઈ શકે છે; છતાં ગૃહસ્થાશ્રમે સામાન્ય પરિચય કરવા માગીએ તો તેનો મુખ્ય માર્ગ આ છે કે, તે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહીં.''

આ કાળે એકલી અસંગતા ન થઈ શકે; કરણાનુયોગની અપેક્ષાએ તો તે આઠમા ગુણસ્થાને થાય, જે આ કાળે, આ ક્ષેત્રે નથી અને ચરણાનુયોગની અપેક્ષાએ મુનિ અવસ્થામાં આવી અસંગતા આવે, જે અત્યારે અલ્પ જ થઈ શકે છે. સત્સંગના આશ્રય વગર અસંગદશા પ્રાપ્ત થઈ શકતી નથી. જો કોઈ એમ કહે કે હું તો આખો દિવસ કોઈ જોડે બોલું જ નહીં અને ધ્યાનમાં જ રહું! તો ભાઈ, અત્યારે તે તારી ભૂમિકામાં સંભવ જ નથી. ધ્યાન માટે પણ પૂર્વ ભૂમિકાની જરૂર છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

''જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર, તે ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.''

પરમ કૃપાળુદેવ પત્રાંક - ૬૦૯માં જણાવે છે, ''સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું તે અત્યંત દુષ્કર છે. એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે, કે જે સત્સંગના યોગ સહજ સ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.''

આવા સત્સંગનું ઘણું માહાત્મ્ય છે. સત્સંગ તો મહાપુરુષો, પ્રામાણિક સાધકો - મુમુક્ષુઓ જ કરી શકે. પરમ કૃપાળુદેવ શિક્ષાપાઠ - ૨૪માં સત્સંગની વ્યાખ્યા કરતાં કહે છે કે,

''જ્યાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન, ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોનાં ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે.''

તમે જે સત્સંગ કરો છો ત્યાં આવું બધું થાય છે? અથવા મારા ભાવ આવા થાય છે? હું મારા ચિત્તરૂપી દોરાને આવા ભાવોમાં પરોવું છું કે સત્સંગમાં જઈ બધાની કમીઓ (દોષો) જ કાઢું છું? જો તમે આવું કરતા હોવ તો તમે સત્સંગમાં માત્ર શરીરથી જ બેઠા છો, તમારો ઉપયોગ તો તમારી દુનિયામાં જ રાચે છે. ઘણું પુણ્ય અને ઘણો પુરુષાર્થ કરે તો સત્સંગની આરાધના થાય, જેમાં સદ્ગુરુ અનુગ્રહનો કૃપાપ્રસાદ મુખ્ય છે.

''ગુરુકૃપા અંજન પાયો મેરે ભાઈ,
રામ બિના કછુ દીસત નાહી.''

સત્સંગને દીર્ઘકાળ સુધી સત્પાત્રતા સહિત સેવે તો અસંગદશા ક્રમે કરીને પ્રગટે અને નિશ્ચય સુધારસનું ભાન થાય. પણ તે પહેલા જ્ઞાન થાય, શ્રદ્ધા થાય, પછી અભ્યાસ થાય, ત્યારબાદ થોડો અનુભવ થાય, પછી વિશેષ અનુભવ થાય અને પછી આગળ પૂર્ણપદની પ્રાપ્તિ ક્રમે કરીને થાય.

ધર્મી જીવને જ્યાં ધર્મ થતો હોય ત્યાં જ આનંદ આવે. તેને બીજે જવું પડે, પણ તેને ત્યાં ગમે નહી. 'તૂહિં તૂહિં'ની માત્ર લગની લાગે ત્યારે તે સુધારસની પ્રાપ્તિ થાય. ◆

।। ॐ शान्तिः शांतिः शांतिः ।।

નોંધ : પરમ શ્રદ્ધેય સંત શ્રી આત્માનંદજી લિખિત આ વિવેચનનું સંક્ષિપ્ત સ્વરૂપ 'અનન્ય પરિવર્તન'ના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

विनम्रता का लाभ



जो लोग समय आने पर स्वयं से अधिक बलवान के सामने झुक जातें हैं उनका कुछ नुकसान नहीं होता और जो अकड़ते हैं उनका तो सर्वनाश ही हो जाता है।

यही बात समझाने के लिए शांति पर्व में भीष्म ने युधिष्ठिर को एक कथा सुनायी । भीष्म ने कहा, 'एक समय की बात है कि नदियों के स्वामी समुद्र ने सभी नदियों से पूछा, नदियों! मैं देखता हूँ कि तुम लोगों में जब बाढ़ आती है तो बड़े-बड़े वृक्ष जड़मूल और डालियों सहित उखड़ जातें हैं और तुम्हारे साथ ही बह जाते हैं, किन्तु मैंने आज तक किसी बेंत को बहते नहीं देखा। बेंत तो वृक्षों की अपेक्षा बहुत कमजोर होते हैं। उनकी डाली भी पतली होती है। फिर वे बच कैसे जाते हैं?'

समुद्र के ऐसा पूछने पर नदियों ने कहा, 'नाथ! ये वृक्ष अपने स्थान पर अकड़ कर खड़े रहते हैं इसलिए वे हमारी तेज धारा की मार से उखड़ जाते हैं। वहीं बेंत तेज धारा के आने पर बिल्कुल झुक जाते हैं। धारा उसके उपर से निकल जाती है और बेंत अपनी जगह पर ही रह जातें हैं। उसकी विनम्रता के आगे हमारी तेज धारा ही झुक जाती है।' मनुष्य में भी जिनके पास ऐसा गुण है, शत्रु भी उनका कुछ नुकसान नहीं कर पाता। ◆

सौजन्य : भावना मयुर शाह, मुंबई

પધારો મુમુક્ષુ પ્રાહુણા

''પધારો મુમુક્ષુ પ્રાહુણા'' - આ શુભ ભાવથી વડવાના પ્રાણ તરીકે ઓળખાતાં, પરમ કૃપાળુદેવના ભક્તરત્ન, પૂ. શ્રી પોપટલાલ મોહકમચંદ મુમુક્ષુઓને વડવા આશ્રમમાં આવકારતાં. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર સમર્પિત ભારતભરમાં સૌ પ્રથમ નિવૃત્તિ ક્ષેત્ર, ''શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, વડવા''ની સ્થાપના પૂ. શ્રી પોપટલાલભાઈએ વિ.સં. ૧૯૭૨માં કરી હતી. તા. ૧૪ થી ૧૭ ઑક્ટોબર, ૨૦૧૬ (વિ.સં. ૨૦૭૨) દરમિયાન વડવા આશ્રમ ખાતે શતાબ્દિ પૂર્ણાહુતિ મહોત્સવની ખૂબજ ઉલ્લાસપૂર્વકની ઉજવણી થઈ હતી.

આ મહોત્સવમાં ભારતમાંના શ્રીમદ્ના ઘણા આશ્રમોમાંથી આશરે ૧૫૦૦ મુમુક્ષુઓ ઉપરાંત સંત પુરુષોએ ભાગ લીધો હતો. આ ૪ દિવસીય ઉજવણીમાં ભક્તિ, સ્વાધ્યાય, પૂજન, સાંસ્કૃતિક કાર્યક્રમો વિગેરેથી વડવાનું વાતાવરણ પવિત્ર અને દિવ્ય બની ગયું હતું.

મહોત્સવમાં શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરના પ્રતિનિધિઓ તરીકે સુરેશભાઈ છેડા, મનોજભાઈ શેઠ, રાજેનભાઈ હેમાણી, અશોકભાઈ ભેદા અને સંજુભાઈ રાવળ હાજર રહ્યા હતાં અને ત્યાંના શુભ પરમાણુઓ ગ્રહી આનંદિત થયાં હતાં. આ સિવાય અગાસ, ખંભાત, રાળજ, ઉત્તરસંડા, નડિયાદ અને બાંધણી જેવા ઐતિહાસિક સ્થાનોએ દર્શનનો પણ અપૂર્વ લાભ તેમણે માણ્યો હતો.

શતાબ્દિ મહોત્સવના સૌ પ્રથમ સ્વાધ્યાયમાં પૂ. શ્રી દિપકભાઈ તુરખીયાએ વડવા આશ્રમનો ઈતિહાસ તથા પૂ. શ્રી પોપટલાલ મોહકમચંદનો પરિચય આપતાં જણાવ્યું હતું કે પરમ કૃપાળુદેવ તેમને ''મહામહોપાધ્યાય'' સંબોધતા અને સ્વહસ્તે પોતાનું ચિત્રપટ તેમને આપ્યું હતું.

શ્રીમદ્ રાજચંદ્ર મીશન, દિલ્હીના પૂ. બહેનશ્રી રત્નપ્રભાએ ''જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્પુરુષાર્થ...'' પર સ્વાધ્યાયમાં ૩ પ્રકારના ગુરુની વાત કહી. આદિગુરુ એટલે જેમણે પોતાનો અંધકાર હટાવ્યો હોય અને નિવૃત્તિમાં સાધનામાં રત હોય તે. મધ્ય ગુરુએ પોતાનો અંધકાર હટાવ્યા ઉપરાંત બીજા જીવો માટે સેતુ બનાવ્યો હોય જે આપણા માટે સૌથી વધુ અગત્યના છે. પરમગુરુ એ કે જેણે મધ્યગુરુની આજ્ઞાએ વર્તતાં આંતરિક વેદનમાંથી માર્ગ પામ્યો હોય... માટે સહજાત્મ્ સ્વરૂપ પરમ ગુરુ. સર્જરી પૂર્વે ઘણીબધી તૈયારી કરવી પડે છે જેમ કે બ્લડ પ્રેશર, શુગર વિગેરે બરોબર હોવું જોઈએ અન્યથા સર્જન કાર્ય ન કરી શકે. તેવી જ રીતે જીવ જો પૂર્વ તૈયારી કરી એટલે કે પાત્રતા તૈયાર કરી મધ્ય ગુરુ પાસે જાય તો જ તે સર્જરી કરી શકે. સાંજના શ્રી આશિષભાઈ મહેતા વૃંદે સૌને ભક્તિનો લાભ આપ્યો.

બીજે દિવસે સવારના પરમ કૃપાળુદેવ વિરચિત સ્વહસ્તાક્ષરમાં ૨૪ કેરેટ ગોલ્ડ પ્લેટેડ પેપર ઉપર મુદ્રિત આગમવાણી સમા તત્વસભર ૧૮ પદોની



પુસ્તિકાનું અનાવરણ તથા દરેક પદની સંક્ષિપ્ત સમજણ શ્રી દિપકભાઈ તુરખિયાએ સરળ ભાષામાં સૌને આપી અને પદોની વધામણી અને પૂજન સંપન્ન થયાં. બપોરના સાયલાથી પધારેલ પૂ. ભાઈશ્રી નલીનભાઈએ સ્વાધ્યાયમાં કહ્યું કે પૂ. પોપટલાલ મહોકમચંદના અંતરમાં કેવી ભક્તિ હશે? કેવી શ્રદ્ધા હશે? તેમનું આજ્ઞા આરાધન કેવું હશે? વિ.સં. ૧૯૫૪માં પૂ. શ્રી પોપટલાલભાઈ પરમ કૃપાળુદેવને તેમના પ્રથમ પત્રમાં ''આનંદઘન જોઈએ છે''ની માંગણી કરે છે અને ત્યારબાદ, પરમ કૃપાળુદેવના પ્રત્યક્ષ દર્શન વેળા પંચાગ નમસ્કાર કરે છે અને પછી તેમનો ભક્તિભાવ વધતો જાય છે. પરમ કૃપાળુદેવે તેમને કહ્યું હતું કે, અમારા અને પાર્શ્વનાથમાં કોઈ ફેર નથી; આ વચન જગતનું કલ્યાણ તો કરશે જ પણ તમારું તો જરૂર કરશે.

શ્રીમદ્ રાજચંદ્ર મીશન, ધરમપૂરના પૂ. શ્રી રાકેશભાઈએ ઉપદેશ છાયા ૯(પાનું ૭૧૩)ના વચનો સમજાવતાં કહ્યું કે જીવને નિંદ્રામાં રસ એટલે હોય છે કે ત્યાં દુઃખની અનુભૂતિ ન થાય અને સ્વપ્ન પ્રિતીકર લાગે. આપણે મોર્નિંગ અર્લામ તો મૂકીએ છીએ પણ તે વાગતાં જાગવાને બદલે તેને બંધ કરી ફરી સૂઈ જઈએ છીએ અને જ્યાં સુધી કોઈ જાગેલો આવી ઓઢવાનું ખેંચી ન લે, બારી ન ખોલી નાખે ત્યાં સુધી ઉઠતાં નથી તેવી જ રીતે મોહનિદ્રામાં સૂતેલા જીવોને જાગેલો જ જગાડી શકે! ત્યારબાદ, પંડિત ફૂલચંદ શાસ્ત્રીજીએ પોતાના મીશન વિશે કહ્યું કે શ્રીમદ્ રાજચંદ્ર સ્ફુરિત આત્મસિદ્ધિ શાસ્ત્રનો દુનિયાના ૧૪૨ દેશોમાં ૪૧૫ ભાષાઓમાં ફેલાવો કરવો. આ લક્ષ તરફ તેઓશ્રી વાયુવેગે ધસી રહ્યા છે અને ૨૦૧૭માં (જે શ્રીમદ્ના જન્મનું ૧૫૦મું વર્ષ છે) આ લક્ષને આંબી વળશે એમ આત્મવિશ્વાસ પૂર્વક કહ્યું હતું. સાંજના વડવા આશ્રમ દ્વારા પૂ. પોપટલાલ મોહકમચંદના જીવન અને પરમ કૃપાળુદેવ સાથેના તેમના પ્રસંગો પર આધારિત નાટ્ય પ્રયોગ - ''પા.. પા.. પગલી''ની સુંદર રજુઆત થઈ.

શરદ પૂનમના દિવસે શ્રી સુબોધ પુસ્તકાલયથી પ્રારંભ થઈ ખંભાતના રાજ માર્ગો પર ફરી વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રામાં સૌ જોડાયા અને બપોરે ''રાજકુટિર'' સંકુલનું અનાવરણ સંપન્ન થયું. આ જગ્યાએ વિ. સં. ૧૯૫૨માં પરમ કૃપાળુદેવે અંગુલિનિર્દેશ કર્યો હતો કે ભવિષ્યમાં સામેની ટેકરી ઉપર ચંદ્રપ્રભુ સ્વામીના દેરાસરની સ્થાપના થશે જે આજે હકીકતમાં દ્રશ્યમાન્ છે. સાંજના શ્રી આસિતભાઈ અને હેમા દેસાઈ દ્વારા હૃદયસ્પર્શી ભક્તિ કાર્યક્રમમાં સૌ કોઈ ભક્તિના રંગે રંગાયા.

આસો વદ ૧, વિ.સં. ૨૦૭૨, સોમવાર તા. ૧૭-૧૦-૨૦૧૬ ના ભાવપૂર્વક શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પૂજનની વિધિ સંપન્ન થઈ અને મહોત્સવનું સમાપન થયું. અમે પરમ પૂજ્ય શ્રી પ્રેમઆચાર્યજી, પરમ પૂજ્ય પપ્પાજીએ જે નિરાળી રીતે પરમ કૃપાળુદેવની જે ઓળખાણ, ભક્તિ, તેમના વચનોની અદ્ભૂતતા અને સમજણ આપી છે, તેના ઉપકારનું વેદન કરતાં કરતાં પાછા ફર્યા અને વડવામાં ગાળેલા સમય માટે આનંદ અનુભવી રહ્યા. ◆





સૌજન્ય : ભરત ચીનીવાલા, મુંબઈ



રોહિણીમાની દૂરંદેશી

મધ્યાહન સમયે રોજ દરબારમાંથી પરત આવ્યા બાદ જમીને, થોડો વિશ્રામ કરીને ફરી પાછા દ્વારિકાનાથ, રાજનીતિજ્ઞોની તાકીદે બોલાવેલી સાયંસભામાં ભાગ લેવા, દાઉજીને લઈને રાજસભાગૃહ ભણી રથમાં હંકારી ગયા. સાતેય રાણીઓ ઝડપથી વસ્ત્ર પરિધાન કરીને તૈયાર થઈ ગઈ અને રુક્મિણીજીના આવાસે આવી ગઈ.

મોટે ભાગે ધાર્મિક, રાજકીય કે કૌટુંબિક પ્રસંગ વિના ભાગ્યે જ સમૂહમાં બહાર નીકળતી ભગવાન શ્રી કૃષ્ણની આઠેય રાણીઓને આજે, ઓચિંતી આમ એક સાથે 'માતૃ-પિતૃ ભવન' તરફ જતી જોઈને રાણીઓની અંગત સેવિકાઓને જ નહીં, રાજમહલના સૌ કર્મચારીઓને પણ ભારે આશ્ચર્ય થયું !... જે કક્ષમાં જયેષ્ઠ માતેશ્વરી રોહિણીમા નિવાસ કરતાં હતાં તે તરફ આગળ વધી !

યોગાનુયોગે, શ્રી કૃષ્ણ ભગિની સુભદ્રાજી, બેચાર દિવસ નિરાંતે રોહિણીદેવીના સાન્નિધ્યમાં ગાળવા અને થોડો વાતવિસામો કરવા તેઓ ગઈકાલથી આ ભવનમાં રહેવા આવ્યા હતાં. મોટાં ભાભી રુક્મિણીજી સાથે અન્ય સાતેય ભાભીઓને આમ સમૂહમાં અત્રે પધારેલ જોઈ, સાનંદાશ્ચર્ય અનુભવતાં સુભદ્રાજીએ સામે જઈને સૌનું ભાવભીનું સ્વાગત કર્યું.

સૌએ ક્રમશઃ માતેશ્વરી રોહિણીદેવીનો ચરણસ્પર્શ કરી એમની આજ્ઞા થતાં આસન ગ્રહણ કર્યું. કોઈ દિવસ નહીં ને આજે, આઠેય પુત્રવધૂઓ સાથે મળીને પોતાની પાસે આવી છે એ જોઈને, વ્યવહારકુશળ રોહિણીમા સમજી ગયાં કે - 'મામલો કંઈક ગંભીર લાગે છે !' પરંતુ પ્રેમાળ રોહિણીમાએ મૌન રહેવામાં જ ડહાપણ સમજીને ચુપચાપ સૌના વદન પરના ભાવ નીરખવા માંડ્યા.

થોડીવાર એવી ચુપકીદી છવાઈ ગઈ કે વાતાવરણ ભારેખમ થઈ ગયું. મહાભારતના યુદ્ધની સમાપ્તિ બાદ હસ્તિનાપુરના રાજમહેલમાં છવાઈ ગયેલી નિસ્તબ્ધતાએ સુભદ્રાજીની મનની શાંતિ હણી લીધી હતી. સહેજ પણ ઉદાસીનતા કે ગમગીની તેમનાથી હવે જીરવાતી ન હતી. ખાસ કરીને, શ્રી કૃષ્ણ સાથે સંબંધ ધરાવતી કોઈપણ વાતમાં તો હરગિજ નહીં ! કોઈ કંઈપણ કહે તે પહેલાં અધીરાઈથી

તેણે જ, જયેષ્ઠ ભાભીશ્રીનો હાથ પકડીને પૂછ્યું:

''રુક્મિણીભાભી! શું થયું છે?... કેમ તમારાં સૌનાં મોં આમ પડી ગયેલાં જણાય છે?... બધું ક્ષેમકુશળ તો છે ને?''

હિંમત કરીને રુક્મિણીજી બોલ્યા: ''સૌ સારાવાના છે. કોઈ વાતની ચિંતા નથી, ફરિયાદ કે દુ:ખ પણ નથી. તમે જીવ ઊંચો કર્યા વિના શાંતિથી બેસો... તમે હસ્તિનાપુર પાછાં જાઓ એ પહેલાં, મહાભારતના યુદ્ધની અને ત્યાં બનેલા ઘણા ચમત્કારિક પ્રસંગોની વાતો તમારા સ્વમુખે સાંભળીને અમે પણ આ માનવ-અવતાર કૃતકૃત્ય કરીએ! ઘણા સમયથી પૂજ્ય માતેશ્વરીને પણ મળાયું ન હતું તેથી નક્કી કર્યું કે ચાલો, 'એક પંથ, બે કામ' - આ બન્નેનાં દર્શનનો ને વાણીનો આજે લાભ લઈએ...''

સુભદ્રાએ રોહિણીમાં સામે જોયું, આંખના ઈશારે મા-દીકરી એક બીજાને જાણે કહી રહ્યાં હતાં કે - ''આ તો કેવળ બહાનું છે. બન્ને ભાઈઓ અત્યારે મહેલમાં નથી ત્યારે જ સંપ કરીને સમૂહમાં અત્રે આવવા પાછળ જરૂર કંઈક ભેદ છે!''

થોડીક ઔપચારિક વાતચીત થઈ ખરી પણ એ તો ઉપરછલ્લી! જે હૈયે હતું તે હોઠે નહોતું આવતું અને જે નહોતું આવવા જેવું તેવું ઘણું બધું આવવા ખાતર હોઠે આવી જતું હતું! પુત્રવધૂઓની આવી દ્વિધાભરી સ્થિતિ જોઈને રોહિણીમાને મનમાં હસવું આવતું હતું કે, ''આખરે તો મારા કનૈયાની આ રાણીઓ છે ને? પૂછ્યા વિના તો એ નટખટ નંદકુંવર પણ ક્યાં કોઈને કશુંયે કહેતો હતો?'' રોહિણીમાને બાલમુકુંદની યાદ આવી ગઈ અને કોણ જાણે કેમ, એમનું ચિત્ત પ્રસન્નતાથી ભરાઈ ગયું! હવે વધુ વિલંબ ન કરતાં એમણે સીધું સત્યભામાને જ પ્રેમથી પૂછી નાખ્યું:

''બોલ બેટા! સાચું કહી દે... મા પાસે હૈયાની કઈ વેદના ઠાલવવા આવી છે?'' સાસુ વહુને 'બેટા' કહે અને પોતે સાસુ નથી, 'મા' છે એવી લાગણીથી જો વાત કરે તો સંસારની કઈ વહુ એવી હોય કે જે આવી પ્રેમાળ સાસુ સમક્ષ પોતાની દિલની વાત કહેતાં સંકોચ રાખે? અને એમાયે આ તો, ભગવાન શ્રીકૃષ્ણની જનેતાતુલ્ય, વાત્સલ્યમૂર્તિ રોહિણીમા આગળ દિલનો ઊભરો ઠાલવવાનો હતો! પછી વાસુદેવની કઈ પત્નીની હિંમત હતી કે જૂઠ્ઠુ બોલે યા કોઈ વાત પેટમાં રાખે?

સ્પષ્ટ ને સત્યવક્તા સત્યભામાએ, જરાપણ શરમાયા-સંકોચાયા વગર, ગઈકાલ રાત્રે ' રુક્મિણી-ભવન'ના શયનકક્ષમાં જે ઘટના બની હતી તે અક્ષરશ: કહી સંભળાવી... અને જાણે સૌનાં વતી વિનંતી કરતી હોય તે ભાવમાં, બે હાથ જોડીને વિનમ્રભાવે બોલી:

''મા! અમારે બીજું કંઈ જાણવાની જિજ્ઞાસા નથી અને પ્રભુ સામે કોઈ ફરિયાદ પણ નથી... આપ તો અમને અમારા કરતાં યે વધારે નિકટથી ઓળખો છો; એટલું જ નહીં, વ્રજભૂમિની બાળલીલાઓથી માંડી છેક આજની ઘડી સુધીની એમની અજોડ ગતિવિધિનાં આપ નિરંતર સાક્ષી રહ્યો છો મા! આપનાથી કશું જ અજ્ઞાત નથી. તેથી અવિવેક થતો હોય યા મર્યાદાલોપ થતો હોય તો, મા દીકરીને ક્ષમા આપે એ રીતે અમને માફ કરીને અમારા પર દયા કરજો. અમારા મનમાં જે જિજ્ઞાસા જાગૃત થઈ છે તેને સંતોષવાની કૃપા આપના સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી, અને તેથી જ અમે સીધાં આપના શરણે આવ્યા છીએ.''

સત્યભામાના સૂરમાં સૂર પુરાવવા સૌ રાણીઓએ બે કર જોડી મસ્તક નમાવ્યું. સત્યભામાની વિનમ્રતા અને અન્ય રાણીઓનો આદરયુક્ત વિનય જોઈને અત્યંત પ્રસન્ન થયેલાં રોહિણીમા બોલ્યાં : ''એમાં શરમાવવાની કે સંકોચ રાખવાની કોઈ જરૂર નથી. તમારા મનમાં જે કંઈ જાણવાની જિજ્ઞાસા હોય તે રજૂ કરો. હું જેટલું જાણતી હોઈશ તેટલું જરૂર કહીશ.''

પટરાણીનો અધિકાર પટરાણી જ ભોગવે તેથી સત્યભામાએ રુક્મિણીજીની આંખોમાં આંખો પરોવીને દ્રઢતાથી કહ્યું: ''દીદી! અમારા સૌના વતી આપ જ પૂછો તો એ યોગ્ય ગણાશે...'' ખૂબ સંયમ અને વિવેક જાળવીને પટરાણી બોલ્યાં:

''માતેશ્વરી! સ્વામીનાથે ગઈકાલે રાત્રે ઊંઘમાં જેનું નામ દઈને ચીસ પાડેલી એમના વિશે આપ જે જાણતાં હો તે અમને કહો, એવું અમે સૌ ઈચ્છીએ છીએ.''

અને બાજુમાં બેઠેલી જામ્બવતીનો પટરાણીએ ધીરેથી હાથ દબાવ્યો; રુકમિણી 'રાધા'નું નામ હોઠ પર લાવી પણ ન શક્યાં એ હકીકત સમજી જતાં સત્યભામાને વાર ન લાગી. નિર્ભય જામ્બવતીએ સ્પષ્ટ શબ્દોમાં પૂછી નાખ્યું:

''પૂજ્યા રાધે! અમારે તો માત્ર આટલું જ જાણવું છે કે રાધાજી કોણ છે? કેવા છે? અત્યારે ક્યાં રહે છે અને પ્રભુ સાથે એમનો એવો તો કેવો પ્રગાઢ સંબંધ છે

જામ્બવતીના એકએક શબ્દના રણકારથી કક્ષની દીવાલો ગૂંજી ઊઠી.

હવે પૂજ્ય રોહિણીદેવી શું કહે છ`તે સાંભળવા સૌ અપલક નયને અને અત્યંત ઉત્કંઠાથી એમની સામે તાકી રહ્યાં ! રોહિણીમાં તો ભારે ધર્મસંકટમાં મુકાઈ ગયાં.

આ ધરતી પર એવી કોઈ માતા હશે ખરી કે જે પોતાની પુત્રવધૂને, પોતાના પુત્રના એની સાથે લગ્ન થતાં તે પૂર્વે કોઈ અન્ય છોકરી સાથે એના કેવા સંબંધો હતા તે પોતાના સ્વમુખે કહે ? પરંતુ આ કોઈ સામાન્ય સંસારી માતા ઓછા હતાં ? આ તો સાક્ષાત્ પરમેશ્વર સ્વરૂપ અવતારી પુરુષના જયેષ્ઠ માતેશ્વરી હતાં ! અને આ પુત્રવધૂઓ પણ કોઈ સામાન્ય ગૃહસ્થની ગૃહિણીઓ ક્યાં હતી ? આ તો પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની અર્ધાંગનાઓ હતી ! શુ કરવું એની દ્વિધામાં પડી ગયેલા રોહિણીમાએ આંખો બંધ કરી દઈને ગહન વિચારસાગરમાં ડૂબકી મારી..

ખૂબ વિચાર્યું પરંતુ કાંઈ સૂઝયું નહીં એટલે પોતાની રોજિંદી ટેવ મુજબ એમનાથી મનોમન બોલાઈ ગયું: ''શ્યામસુંદર ! હવે તો તું જ રસ્તો કાઢ અને તું જ મને ધર્મસંકટમાંથી બચાવ !''

અને જ્યાં માએ લાલાનું નામસ્મરણ કર્યું કે તરત, યોગમાયાના પ્રભાવે કરીને રોહિણીમાના માતૃહૃદયમાં દિવ્ય કલ્પનાનો આર્વિભાવ થયો કે, ''મારા કાનુડાની જ આ કોઈ લીલામાયા નહીં હોય ? નહીં તો, જે વાતને વર્ષોનાં વહાણાં વાઈ ગયાં અને જે ઘટનાને કાળવ્યુત્ક્રમે લોકો લગભગ ભૂલી પણ ગયા કે દેવકીનંદન દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ, યશોદાનંદન, બંસીધર કનૈયારૂપે ગોકુળમાં ગાયો ચારતા હતા, વાંસળી વગાડતા હતા એટલું જ નહીં, એ માખણચોર નંદકિશોરે રાધા નામની એક ગોપાંગનાનું ચિત્ત પણ ચોરી લીધું હતું ! આ બધી ભૂતકાળની વાતો આટલા વર્ષે ફરી પાછી વાણી દ્વારા મૂર્તિમંત થાય એવા સંજોગો દ્વારિકાના રાજમહેલમાં ઊભા થાય જ શી રીતે ? મને તો આમાં એ નટખટની જ કોઈ ગેબી 'ચાલ' જણાય છે ! એવું ન હોય તો, કોઈ દહાડો નહીં ને આજે જ એની આઠેય રાણીઓ, બીજા કોઈની પાસે ન જતાં સીધી મારી જ પાસે આ બધું જાણવા કેમ આવે ? અને એ પણ દીકરી સુભદ્રા હૈયું ઠાલવવા મારી પાસે આવી હોય ત્યારે જ કેમ આવે ? જરૂર આ પણ લાલાની લીલા છે ! મુરલીધર ! હું ક્યાં નથી જાણતી કે તારી મરજી વિના તો એક પાંદડુંયે હાલતું નથી ! પછી તારી રાણીઓ મારી પાસે દોડી આવી તેમાં તારો હાથ ન હોય એવું હું શી રીતે માનું ?

આટલું સમાધાન થઈ જતાં રોહિણીમાં હળવાંફૂલ થઈ ગયાં, એમનો બધો ભાર ઊતરી ગયો, આ કોઈ ધર્મસંકટ નથી, ધર્મકાર્ય છે એવી પ્રતીતિ થઈ જતાં તેઓ પ્રસન્નચિત્તે બોલી ઊઠ્યા;

''ભલે ! બીજી કોઈ 'રાધા' વિશે નહીં, પણ જેને હું ઓળખું છે તે ગોકુળની ગોવાલણી અને શ્યામની બાલસખી શ્રી રાધિકા વિશે, જેટલું જાણું છું તેટલું બધું તમને અવશ્ય કહીશ..''

આટલું સાંભળતા શ્યામસુંદરની આઠેય રાણીઓ, એવી હર્ષવિભોર અને રોમાંચિત થઈ ગઈ કે પોતપોતાના આસનેથી ઝટપટ ઊઠીને રોહિણીમાના ચરણોમાં પાથરેલી જાજમ પર સૌ બેસી ગઈ અને બે હાથે પુનઃ વંદન કરીને 'શ્રીરાધાકથા' શ્રવણ કરવા અધીરી થઈ ગઈ.

રોહિણીમાની વ્યવહારકુશળતા અને દૂરંદેશીના તો શ્યામસુંદર પણ ભારે પ્રશંસક હતા અને દાઉ બલરામને તો પોતાની જનેતાની દીર્ઘદ્રષ્ટિનો પ્રત્યક્ષ પરચો અનેક પ્રસંગોમાં જોવા મળ્યો હતો. કોઈપણ પ્રસંગે હરખઘેલાં થઈ જવું કે લાગણીના પૂરમાં તણાઈ જવું એ તો એમના સ્વભાવની વિરુદ્ધ હતું. તેથી શ્રી રાધા અને શ્રીઘનશ્યામની 'બાળલીલાઓ' વિશે કાંઈપણ કહેતાં પૂર્વે 'લક્ષ્મણરેખા' બાંધ્યા વિના એ કેમ રહી શકે ? એમણે રાણીઓ સામે જોઈને કહ્યું:

''જુઓ દીકરીઓ ! તમારા મનમાં જે જિજ્ઞાસા જાગી છે તે કોઈ સાધારણ કોટિની ઉત્કંઠા નથી; અનુપમ ઈશ્વરીસંકેતની એંધાણી છે. વળી, શ્યામ-રાધાના સંબંધો પર પ્રકાશ પાડવો એ મારા માટે પણ ગજા બહારનું કામ છે, છતાં તમને મારી પાસે આ હેતુથી મોકલવા પાછળ પણ કોઈ ઈશ્વરી શક્તિ જ કામ કરી રહી છે એમ માનીને હું તમને નિરાશ નહીં કરું. જે કહેવા જેવું છે તે બધું જ કહીશ. પરંતુ મનમોહનના બાળપણની લીલાઓનું રહસ્ય એટલું ગૂઢ અને અલૌકિક છે કે એમાં અર્થનો અનર્થ થઈ જવાના જોખમની પૂરેપૂરી સંભાવના છે તેથી જો તમારે મારી પાસેથી એ બધું સાંભળવું જ હોય તો તમારે મારી ત્રણ શરતોનું અક્ષરશઃ પાલન કરવું પડશે. બોલો, છે શરતપાલન કરવાની તૈયારી ?''

વાતાવરણ જ એવું સર્જાઈ ચૂક્યું હતું કે કોઈની તાકાત નહોતી કે ના પાડી શકે ! સૌ રાણીઓએ સંમતિસૂચક હાથ જોડ્યા અને મસ્તક નમાવ્યાં એટલે વત્સલ રોહિણીમાએ એક પછી એક શરત રજૂ કરવા માંડી.

''પહેલી શરત એ કે, હું તમને આજે અને હવે પછી જ્યારે કહાનકુંવર અને રાધાની જે કંઈ વાતો કહું તે તમારા સૌના મનમાં જ રહેવી જોઈએ; એટલું જ નહીં, કોઈ કહેતાં કોઈને પણ ખબર ન પડવી જોઈએ કે આ બધું મેં તમને કહ્યું છે ! ખાસ કરીને, મારા લાલાને તો આ વાતનો અણસારો સુદ્ધાયે ન આવવો જોઈએ બોલો છે કબૂલ ?''

બધાં કહે ''અવશ્ય કબૂલ ! અમારું મોં આ બાબતમાં કદી નહીં ખૂલે...'' માએ આગળ ચલાવ્યું: ''બીજી શરત એ કે, તમારામાંથી કોઈનાંયે વાણી, વર્તન કે વ્યવહારમાં રાધાની કોઈપણ વાતનું અનુકરણ ન થવું જોઈએ; અર્થાત્ ખાવા પીવામાં, પહેરવા - ઓઢવામાં કે બોલવા-ચાલવામાં એ વ્રજવાસિનીની નકલ કરવાનો તમારામાંથી કોઈએ જાણ્યે અજાણ્યે પણ પ્રયાસ નહીં કરવાનો ખાસ કરીને, શ્યામસુંદર સમક્ષ તો નહીં જ, બોલો છે આ શરત સ્વીકાર્ય ?''

સૌએ સર્વસંમત સ્વીકૃતિ આપવામાં જરા પણ વાર ન લગાડી. હવે રોહિણીમાએ ત્રીજી ને આખરી શરત રજૂ કરી:

''આપણી વચ્ચે આ દિવ્ય વાર્તાલાપ ચાલતો હોય ત્યારે ભૂલેચૂકે પણ કોઈ અંદર આવી જાય નહીં તે માટે તમારામાંથી કોઈએ દ્વાર પર પહેરો ભરવો પડશે. પહેરો એટલે એવો કડક ને અટલ પહેરો કે કદાચ દુર્વાસામુનિ આવે કે દેવર્ષિ નારદ, દાઉ આવે કે ખુદ શ્રીકૃષ્ણ - એ બહાર જ ઊભા રહે યા બહારથી જ વિદાય થઈ જાય તેવી તકેદારી રાખવી પડશે. ગમે તેવી બીક બતાવે, પ્રલોભન આપે, શાપ આપે કે બાળીને ભસ્મ કરી દેવાની ધમકી આપે તો પણ કથાભંગ થઈ જાય નહીં તે માટે આટલી જાગૃતિ રાખવાની સંપૂર્ણ જવાબદારી પહેરો ભરનારની ! બોલો છે મંજૂર ?''

બધાના મો પડી ગયા. સૌ એકબીજાની સામે જોવા લાગ્યાં. આ શરત તો ભારે આકરી કહેવાય ! બીજાં બધાંને તો ગમે તેમ કરીને સમજાવી - વિનવી વિદાય કરી દેવાય પણ દાઉ અને શ્યામસુંદર પોતે આવી ચડ્યા તો ? બાપ રે, તો તો લેવાના દેવા પડી જાય ! આ શરતનું પાલન તો કેમ કરીને થાય ?

અત્યાર સુધી ખૂબ રસપૂર્વક માતા અને ભાભીઓ વચ્ચેની વાતચીત સાંભળી રહેલા સુભદ્રાથી હવે વચ્ચે બોલ્યા વિના ન રહેવાયું.

''બા ! આપણા જ ઘરમાં દ્વાર પર પહેરો ભરવાની કોઈ જરૂર ખરી ? ઓચિંતું કોઈ આવી જાય તો તમે બોલવાનું બંધ કરી દેજો. ને એમના ગયા પછી આગળ ચલાવજો. તમે ભૂલી જશો તો અમે યાદ કરી આપીશું કે તમે ક્યાંથી અટકી ગયા હતાં ! બાકી, તમારી આ શરત મુજબ તો જે દ્વારે પહેરો ભરવા ઊભું રહે એને તો તમારી વાતો સાંભળવાનો લ્હાવો ન જ મળે ને ?''

રોહિણીમાએ પુત્રી સુભદ્રાના ખભે હાથ મૂકીને પ્રેમથી કહ્યું: ''બેટા ! આ કંઈ મનોરંજન માટેની સામાન્ય કથાવાર્તા નથી કે કોઈ એવા સાધારણ પ્રસંગનું વર્ણન નથી કે અધવચ્ચે બંધ કરી દેવાય ! આ તો અનુપમ, અસાધારણ અને અદ્‌ભુત લીલાઓની ઝાંખી કરાવવાની છે. આ કામ કેટલું કપરું ને જોખમી છે એનો તમને કોઈને ખ્યાલ નથી પણ મને તો છે; કેમ કે પૂર્વે એકવાર મને આ બાબતનો કડવો અનુભવ થઈ ચૂક્યો છે અને તેથી જ સમયસૂચકતા વાપરીને હું કહું છું કે દ્વાર પર પહેરો ભરવો તદ્દન આવશ્યક છે.'' આટલું બોલતાં બોલતાં તો રોહિણીમાના ચક્ષુ આપોઆપ બીડાઈ ગયાં.

સૌ આશ્ચર્યમાં પડી ગયાં. સુભદ્રાએ હિંમતથી માતાનો ચરણસ્પર્શ કરીને પૂછ્યું: ''એનો અર્થ એ થયો, મા ! કે આપે પૂર્વે પણ આ વાત ક્ષમા કરજો, લીલા કથા કોઈને કહી છે ખરી !''

નેત્ર ખોલી રોહિણીમા વદ્યાં: ''હા દીકરા ! લાલો નંદયશોદાને ત્યાં વ્રજમાં હતો અને એનાં જનક જનેતા વાસુદેવજી અને દેવકીજી કંસના કારાગૃહમાં નજરકેદ હતાં. ત્યારે હું અમુક અમુક દિવસોના અંતરે એમને મળવા માટે નંદગાંવથી અચૂક આવજા કરતી હતી અને ત્યારે, પુત્રવિયોગમાં રાતદિવસ રોતી તડપતી બહેન દેવકીને આશ્વાસન આપવા, એના હૈયાને બોજો હળવો કરવા હું એને કાનુડાના અને પરાક્રમોની અને અદ્‌ભુત લીલાઓની કથા કલાકો સુધી કહેતી હતી. લીલાકથાઓ કહેતાં કહેતાં હું ખુદ એવા ભાવાવેશમાં આવી જતી કે મને ભાન ન રહ્તું કે આ કાળમુખા કંસનું કારાગૃહ છે ! દેવકીને એના પ્રાણપ્યારા કનૈયાનાં પરાક્રમો સાંભળતાવેંત ભાવસમાધિ લાગી જતી. ત્યારે તારા બાપુ એક બાજુ, અમને બન્નેને આ સુખ-સાગરમાં સમાધિસ્થ રાખવા ને બીજી બાજુ કોઈ ઓચિંતું આવી ન જાય તે જોવા કાયમ કાળકોટડીના દરવાજે

સૌજન્ય : હીના ડી. શાહ, મહેસાણા

ઓચિંતું આવી ન જાય તે જોવા કાયમ કાળકોટડીના દરવાજે ઊભા રહીને ચોકી પહેરો ભરતાં.

''કનૈયાએ યમુનાના જળમાં કુદી પડીને કાળીનાગને કેવી રીતે નાથ્યો એ આખી ઘટનાનો આંખે દેખ્યો અહેવાલ હું જ્યારે કારાગૃહમાં દેવકીને આપી રહી હતી ત્યારે, આ અભૂતપૂર્વ પ્રસંગ સાંભળીને ગદગદ થઈ ગયેલા તારા પિતાશ્રી અમારી પાસે આવીને બેસી ગયા. 'નાગની ફણા પર નૃત્ય કર્યા બાદ ત્રિભંગ કરીને ઊભેલા કાનુડાએ એવી મોરલી વગાડી કે મૂર્છિત થઈ ગયેલા યશોદા, રાધા વગેરે સૌ પુનઃ હોશમાં આવી ગયાં,' એ પ્રસંગ જ્યારે મેં કહેવા માંડ્યો ત્યારે તો તારા બાપુને પણ ભાવસમાધિ લાગી ગઈ!... આનંદના અતિરેકમાં દેવકી તો ક્યારનીયે અર્ધ બેભાન જેવી બની ગઈ હતી અને મારી આંખો બંધ હોવાના કારણે મને સહજપણ ખ્યાલ ન રહ્યો કે તારો મામો કંસ ક્યારનોય ત્યાં ઊભો ઊભો આ બધું સાંભળી રહ્યો હતો! જ્યારે મેં એમ કહ્યું કે, ''યમુનાકિનારે એકત્રિત થયેલા સેંકડો નરનારીઓએ 'કૃષ્ણ કનૈયાલાલની જય'ના ગગનભેદી નારા લગાવી, ભગવાન સ્વરૂપ શ્યામસુંદરને પુષ્પોથી વધાવી લીધા'' ત્યારે ગુસ્સાથી લાલપીળા થઈ ગયેલા કંસએ એકદમ ત્રાડ પાડીને પગ પછાડ્યો; અને ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે લાગણીના પૂરમાં તણાઈ જઈને મેં કનૈયાના માથે કેટલું મોટું જોખમ ઊભું કરી નાખ્યું! તારાં બા-બાપુ તો થરથર ધ્રુજતાં હતાં જ્યારે મારો ભાઈ હાથ પકડીને મને કોટડીની બહાર ધકેલી રહ્યો હતો અને ફરી કદી અહીં પગ ન મૂકવાનું ફરમાન છોડી રહ્યો હતો! સુભદ્રા, એ રાત્રે નંદગાંવ ગયા પછી હું કાંઈ રડી છું ! રામ અને શ્યામ બન્નેના સોગંદ ખાઈને એ રાતે જ મેં પ્રતિજ્ઞા લીધી હતી કે આજે જેવી ભૂલ કરી તેવી ભૂલ જિંદગીમાં ફરી ક્યારેય ન કરવી! બસ, આ મારી દ્રઢ પ્રતિજ્ઞા છે. તે માટે તમારે મારી આ શરતનું પાલન કરવું જ પડશે. એમાં કોઈ બાંધછોડ નહીં ચાલે.'' આટલું કહેતાં કહેતાં રોહિણીમા ભોજનગૃહની સેવિકાને કંઈક સૂચના આપવા કક્ષની બહાર ચાલ્યાં ગયાં.

ત્રીજી શરત માટેનો માતુશ્રીનો અત્યાગ્રહ જોઈને સૌ ભારે ચિંતામાં પડી ગયાં. પહેલી ને બીજી શરતમાં થોડો સંયમ અને થોડી સમયસૂચકતા વાપરવાનો પ્રશ્ન હતો, જે શ્રીકૃષ્ણની રાણીઓ માટે સરળ અને શક્ય હતું પરંતુ ત્રીજી શરત પાળવામાં સૌને સો ટકાનું જોખમ હતું; એટલું જ નહીં, પતિદ્રોહ અને વિશ્વાસઘાતનું પાપ પણ લાગી જવાની ભીતિ હતી.

શ્યામસુંદર અને રાધિકાના સંબંધો જાહેર કરવાની સ્પષ્ટ ના પાડવા જેટલી કઠોરતા એ બતાવી શકે એમ ન હતાં તેથી આ ત્રીજી શરત એવી મૂકી કે, 'સાપ મરે પણ નહીં ને લાકડી ભાંગે પણ નહીં!'

આઠેય રાણીઓ ''ચાલો, પતી ગયું! મનની મનમાં રહી ગઈ! એવા નિરાશાવાદી મનોભાવથી કશું પણ બોલ્યા વિના સૌ નીચું જોઈને બેસી રહ્યાં હતાં;

ભાભીઓની આ કફોડી હાલત કરુણામૂર્તિ સુભદ્રાજી શાંતિથી નિહાળી રહ્યા હતા. જેવા માતેશ્વરી પરત આવ્યાં કે તરત પોતાના સ્થાન પરથી ઊભાં થઈ જતાં એ બોલ્યા;

''મા! તમારી ત્રીજી શરત મુજબ દ્વાર પર પહેરો ભરવા હું તૈયાર છું, જો ભૈયાના બાળપણની વાતો તમે કહેવાનાં હો તો હું કોઈપણ જોખમ વેઠીને પણ આ ફરજ બજાવીશ. હું કોઈનેય અંદર નહીં આવવા દઉં, મા! તમે નિરાંતે જે કહેવું હોય તે કહો!''

આટલું સાંભળીને આઠેય ભાભીઓએ, દ્વારભણી જવા તૈયાર થયેલા સુભદ્રા સામે કૃતજ્ઞતાની લાગણીથી જોતાં સૌ મનોમન એને વંદી રહ્યાં. સુભદ્રાએ માતાને કહ્યું ''જો બને તો સહેજ મોટેથી બોલવાનું રાખજો જેથી દ્વારમાં ઊભી ઊભી હું પણ સાંભળી શકું અને આપની આ દિવ્ય લીલાકથાના શ્રવણનો આનંદ માણીને, મારું પણ અત્રે આવવું સાર્થક થયું એમ સમજી શકું.''

રોહિણીમાએ હસીને દીકરીની માગણીને અનુમોદન આપ્યું, મનોમન આશીર્વાદ પણ આપ્યા અને પછી, ક્ષોભ-સંકોચથી શરમાઈ ગયેલી પુત્રવધૂઓના મનનો ભાર હળવો કરવા, પટરાણી સામે જોઈને બોલ્યાઃ ''રુકમિણી! જ્યાં સુધી આવી નણંદો આ આર્યાવર્તમાં છે ત્યાં સુધી એમની ભાભીઓ તરીકે, સ્વર્ગની દેવીઓને અને ઈન્દ્રની અપ્સરાઓને પણ આ અવનિ પર અવતરવાનું મન થાય એમાં શી નવાઈ?''

માતેશ્વરીનો આ મર્મ કટાક્ષ સાંભળતાં રુકમિણી અને સત્યભામા એકબીજાની સામે જોઈને હસી પડ્યા!

મર્યાદા મમતાતણી મૂર્તિમા સાક્ષાત્,
વચનબદ્ધ સૌને કર્યા સુણવા અનુપમ વાત!
રાધાનું નવ અનુકરણ, રહે કૃષ્ણ અજ્ઞાત;
દ્વારે પહેરો હોય તો, શીઘ્ર થાય શરૂઆત!! ◆

આગન્તુક

■ ધીરુબહેન પટેલ

(૩)

શાન્ત પ્રગાઢ નિદ્રા - એના અંત સાથે જ સંપૂર્ણ જાગૃતિ. તંદ્રાવસ્થાને કે આળસને કોઈ અવકાશ જ નહોતો રહ્યો ઈશાનની દિનચર્યામાં. ઊઠતાંની સાથે સહેજ અજાણ્યું લાગ્યું પણ પછી પરવારતાં વાર ન લાગી. બહાર નીકળીને એ પદ્માસન વાળીને બેસી ગયો. સવાર થવાને હજી બહુ વાર હતી, પણ ગુરુજીએ આને જ આત્મચિંતન માટે શ્રેષ્ઠ સમય કહ્યો હતો. વર્ષોની આદત હતી, મન તરત જ તલ્લીન થઈ ગયું. બે કલાક પછી સંસાર ભણી પાછા વળીને જોયું તો ખુલ્લી બારીમાંથી ઉજાસ સાથે પક્ષીઓનો કલરવ પણ ઓરડીમાં ધસી આવ્યો.

એક વાત સ્પષ્ટ હતી. અહીંથી જેમ બને તેમ જલદી જઈ આજીવિકા માટે કંઈક ગોઠવવું જોઈએ. અંદરના જીવનને બને એટલી ઓછી હાનિ પહોંચાડે એવું કંઈક. એ હળવાશ સાથે જ ઈશાન ઊઠ્યો અને બારણું ખોલીને બહાર નીકળ્યો. હજુ બધાં ઊઠ્યાં લાગતાં નહોતાં. માત્ર સીતારામ જમવાના ટેબલ પર કપરકાબી ગોઠવતો હતો. સીતારામે એને જોઈ માયાળુપણે કહ્યું, 'પેપર આલા આહે.'

'એમ?' કહી કશી ઈંતેજારી નહોતી છતાં ઈશાને છાપું હાથમાં લીધું અને હેડલાઈનો જોવા લાગ્યો. આમ તેમ પાનાં ફેરવતાં 'નોકરી જોઈએ છે' અને 'નોકરી ખાલી છે' વાળી જાહેર ખબરો નજરે ચડી એટલે ઈશાન કુતૂહલપૂર્વક જોવા લાગ્યો કે કોઈને એનો ખપ છે કે કેમ. કેટલી મિનિટો જતી રહી એનો કંઈ ખ્યાલ ન રહ્યો. ચાની સુગંધ આવી ત્યારે ઊંચું જોયું તો સામે આશુતોષ બેઠેલો હતો, કાલ કરતાં કંઈક ઓછો ચિંતાગ્રસ્ત.

સહેજ શરમાઈને ઈશાને છાપું ધર્યું. 'લો, વાંચોને તમે. હું તો અમસ્તુ જ જોતો હતો.'

આશુતોષે છાપું લેવાની કશી ઉતાવળ ન કરી. એને ઈશાન જોડે વાત કરવી હતી, પણ શું કહેવું તે સૂઝતું નહોતું. એણે કહ્યું, 'તારે ચા ન પીવી હોય તો દૂધ પીજે, સીતારામ લાવી આપશે.'

ઈશાનને થયું ભાઈના મનમાં લાગણીના કરોળિયાએ જાળું વણવા માંડ્યું છે. એના તંતુ મજબૂત થાય તે પહેલાં ભાગી જવું જોઈએ. એણે કહ્યું, 'આશુતોષભાઈ! તમે મને થોડી મદદ ન કરો?'

'શેની મદદ?' સંસારી જીવ એકદમ સતર્ક થઈ ગયો. ભાઈ મટીને એક પત્નીનો પતિ, બે બાળકોનો પિતા બનીને આત્મરક્ષણાર્થે શું કહેવું જોઈએ તે ગોઠવવા લાગ્યો.

ઈશાને પોતાની વાત આગળ કરવા માંડી.

'એવું છે ને, દીક્ષા લેતી વખતે મે

મારાં બધાં સર્ટિફિકેટ ફાડી નાખ્યાં હતા. અત્યારે તો મારી પાસે હું જન્મ્યો હતો એનોયે પુરાવો નથી. તો ભણ્યો એનો તો ક્યાંથી જ હોય?'

'એ તારી મૂર્ખાઈ કહેવાય.'

'ચોક્કસ, પણ હવે મારે તમને એટલું પૂછવાનું કે જો મને કંઈ કામકાજ મળે તો તમે કહી શકો ખરા કે તમે મને ઓળખો છો અને હું બી.એ. પાસ થયેલો છું?'

'હા, એમાં તો કશો વાંધો નહીં, પણ ઈશાન, તું કાયમ ખાતે અહીં રહેવા માગે છે?'

'અહીં એટલે આ ઘરમાં નહીં. કદાચ આ શહેરમાં ખરો, થોડો વખત.'

થોડીવાર પછી રીમા આવી. એનો ચહેરો થાકેલો હતો. પોતાના કપમાં ચા રેડતાં રેડતાં તેણે પૂછવા ખાતર પૂછ્યું, 'રાત્રે ઊંઘ બરાબર આવી, ઈશાનભાઈ?'

'હા... હું થોડીવાર બહાર ફરી આવું?' ઈશાને આશુતોષને પૂછ્યું.

'બહુ મોડું ન કરતો. પાછી નકામી બધાને ચિંતા થાય.'

ઈશાન ગયો છે એની બરાબર ખાતરી કરી લીધા પછી રીમાએ ધૂંધવાઈને કહ્યું 'ના પાડી દીધી હોત તો?'

'એમ તો ના કેમ કહેવાય?'

'વખતે પાછા જ ન આવે તો?'

આશુતોષે નિસાસો નાખ્યો. ધારો કે એવું બને તોયે કોના માથા પર પહાડ તૂટી પડવાનો હતો? રીમાને તો નિરાંત થાય ઊલટાની. એ નથી ઈચ્છતી કે આશુતોષની આવકમાં કોઈ ભાગ પડાવે. ઈશાન પ્રત્યેનો એનો અણગમો સંતાડવાનો એણે જરાયે પ્રયત્ન નથી કર્યો. તોયે અત્યારે ખોટેખોટી ચિંતા કરે છે - કોને ખબર શા માટે.

રીમા બોલી, 'અત્યારે કંઈ થાય તો આપણી જવાબદારી. એકવાર ઘરની બહાર ખરેખરા જ નીકળી જાય તો પછી આપણે શી લેવાદેવા? આ તો લોકોમાં વાતો થાય. શાલ્મલી ને અર્ણવભાઈ પણ પૂછતાં આવે. કહું છું, એમને ત્યાં પાર્સલ કરી દોને! એય ભાઈ જ છે ને! એની સાથે કંઈ વાત થઈ? શું કરવા માગે છે?'

'કંઈ સમજાતું નથી. કદાચ કંઈ કામકાજ કરે.'

'ઓ બાપ રે! તે કાયમ અહીં ચીટકવાના છે? મને નહીં ફાવે હો, આ ચોખ્ખું કહી દઉં છું. કેમ કંઈ અર્ણવભાઈની જવાબદારી જ નથી?'

એટલામાં ટેલિફોનની ઘંટડી વાગવા માંડી. 'અત્યારના પહોરમાં કોણ છે પાછું?' બબડીને એણે રિસીવર ઊંચક્યું.

'ભાભી, હું શાલુ!' પછી શું થયું ઈશાનભાઈનું.?'

'એ તો ફરવા ગયા છે.'

'હા પણ... કંઈ નક્કી થયું કે નહીં? હું ને નેન્સી આજે આવીએ એમને મળવા.?'

'તે તમે જાણો. આવવું હોય તો આવો, લઈ જવા હોય તો લઈ જાઓ, જે કરવું હોય તે કરો. જેટલા મારા દિયેર છે એટલા જ તારા દિયેર છે, પણ તમે બન્ને લન્ચ પર કે ડિનર પર આવવા માંગતા હો તો મને આજે નહીં ફાવે.'

'ના, આ તો અમસ્તાં જરા સાંજે આવી જઈએ, નેન્સીને જરા ક્યુરિયોસિટી હતી...'

'શાલ્મલી, મેં તને કહ્યું ને, તારે જે કરવું હોય તે કર. આઈ એમ નોટ ઈન્ટરેસ્ટેડ.'

રિસીવર મૂકી દઈને રીમા આશુતોષ સામે એવી રીતે જોવા લાગી જાણે આ બધો એનો જ વાંક હોય. આશુતોષે પણ જરા ચિડાઈને કહ્યું, 'જરા સારી રીતે વાત કરતી હોય તો?'

'આનાથી સારી રીતે મને નથી આવડતી અને હવે આ ઉંમરે મારે શીખવી પણ નથી. તમને ના ગમતું હોય તો હવેથી શાલુના ફોન તમે જ લેજો!'

આશુતોષ જવાબ આપે એ પહેલાં ઠંડા પવનની લહેરખી જેવી મિહિકા ઊછળતી કૂદતી અંદર આવીને આમતેમ જોવા લાગી અને બોલી, 'ઓહ નો! સાધુ અંકલ હજી ઊઠ્યા નથી?'

'એ તો ફરવા ગયા.'

'ક્યારે આવશે?'

'આઈ ડોન્ટ નો. ચાલ તું જલદી જલદી બ્રેકફાસ્ટ પતાવ. પાછું તને મોડું થશે. કરણ હજુ કેમ આવ્યો નહીં? સીતારામ! કરણને બોલાવ જોઉં.'

રીમાના ચહેરા પરની ચીડ અને અકળામણથી ત્રાસીને આશુતોષ ત્યાંથી ઊભો થઈ ગયો અને પોતાના ઓરડા ભણી ચાલવા લાગ્યો. વચમાં કરણ મળ્યો. ખૂબ ઉત્સાહથી પૂછવા લાગ્યો. 'પપ્પા, મેં મારા થોડા ફ્રેન્ડ્ઝને સાંજે બોલાવ્યા છે. - સાધુ અંકલને જોવા.'

'નો'! આશુતોષે પોતાના મનની બધી મૂંઝવણ અને ગુસ્સો એક જ નજરમાં ઠાલવી દઈને કહ્યું, 'એ કંઈ જોવાની-પ્રદર્શન કરવાની ચીજ નથી, મારો ભાઈ છે. સમજો છો શું તમે બધા તમારા મનમાં?'

આભો થઈને કરણ એની સામે જોઈ રહ્યો.

આશુતોષને એકાએક રીમાની વાત સાચી લાગવા માંડી. આ બધી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો પોતે એકલો શા માટે કરે? અર્ણવની કશી જવાબદારી નથી? આખરે ઈશાન એનો પણ ભાઈ છે. એણે પોતાના ઓરડામાં જઈને અર્ણવને ફોન જોડ્યો.

'હા, બોલો આશુભાઈ.'

'શું બોલે? તારે નિરાંત છે, અહીં એકેક મિનિટે કંઈ ને કંઈ નવું થયા કરે છે.'

'કેમ, હવે શું થયું?'

'એ કંઈ કામકાજ કરવા માગે છે. અહીં - મુંબઈમાં સમજ્યો?'

'ઓહ નો!'

'એણે એવું કહ્યું, આજે સવારમાં... અને અર્ણવ!' એની પાસે એકેય સર્ટિફિકેટ નથી. પેલી દીક્ષા લીધેલી ને ત્યારે બધાં કામનાં કાગળિયાં ફાડી નાખ્યાં છે.

'અરે, એવું કેમ કર્યું?'

'એ જાણે, પણ હવે એને રેફરન્સ જોઈએ છે, મને લાગે છે કે આપણે કોઈને કહીએ કે એ અમારો ભાઈ છે ને બી.એ. થયેલો છે, એમાં કંઈ વાંધો નહીં ને? બિચારાને કંઈ નોકરી મળી જાય તો થોડો સેટલ થાય.'

'પણ આશુભાઈ, પછી એ કંઈ આડુંઅવળું કરે તો લોકો આપણું જ ગળચું ઝાલેને? ના ના, તમે ઉતાવળે કંઈ ના કરતા. મને લાગે છે કે આપણે ઉત્તર કાશીમાં તપાસ કરાવવી જોઈએ કે એને આશ્રમમાંથી કેમ કાઢી મૂક્યો.'

'એ તો પોતાની મેળે નીકળી ગયો છે ને?'

'એવું તો એ કહે છે, આપણે ક્યાં જોવા ગયા છીએ?'

'એ જૂઠું બોલતો હોય એવું લાગતું તો નથી.'

'ના પણ ખાતરી કરેલી સારી. હું આજે જ એક માણસને ઉત્તર-કાશી મોકલી આપું છું. બહુ સ્માર્ટ છે. બધી તપાસ કરી લાવશે. એ જો આવીને કહે કે બધું ઓ.કે. છે, તો આપણે કશેક એની ભલામણ કરી શકીએ. જોકે એણે એની રહેવાની ગોઠવણ કરી લેવી પડે.'

'હં... મુંબઈમાં ક્યાં સહેલું છે?'

'તે જ ને! એ અહીંયા આવ્યો જ ખોટો. અચ્છા, આશુભાઈ, આ માણસનો જવાઆવવાનો ને બીજો ખર્ચ... તમે આપશો ને? વી વિલ શેર ઈટ, અરધો ખરચ મારો.'

'ભલે. પણ જેમ બને એમ જલદી મોકલી આપ.'

વાતચીત પૂરી થઈ ગયા પછી ખેદ વ્યાપી ગયો દિલમાં. સગા ભાઈની જાસૂસી કરવી પડે છે. કેવી છે આ દુનિયા? પણ ઈશાન એવું તેવું કંઈ કરે એવો નથી. નાનપણથી જ બહુ સીધોસાદો છે.

નિસાસો નાખીને રિસીવર પાછું ગોઠવી દઈને આશુતોષ ઊઠ્યો. આજે ઓફિસમાં મોડું થવાનું.

ઈશાનને પહેલેથી બાગબગીચા ઓછા ગમે છે. એક ઝાડને જે રીતે વધવું હોય તે રીતે એને શા માટે વધવા ન દેવું તે એને સમજાતું નથી. મેંદીની વાડ કાપતી માળીની કાતરની નિષ્ઠુરતા આગળ એની આંખો મીંચાઈ જાય છે. નીંદવાની તો આખી પ્રક્રિયા સામે જ એનો વિરોધ છે. કયા છોડ નકામા છે અને મૂળમાંથી ખેંચી કાઢી ફેંકી દેવા જેવા છે તે નક્કી કરનાર આપણે કોણ? આ એની નાનપણની વિચારસરણી હજુ બદલાઈ નથી. તેમ છતાં સરસ રીતે જાળવણી કરેલા ઉદ્યાનને જોઈને સૌન્દર્યબોધ થાય છે એય એક હકીકત છે. આવા આવા કેટલાયે નાનકડા વિરોધાભાસ વચ્ચે એ શાંતિથી જીવી રહ્યો છે. વિચારો આવ્યા કરે છે, પણ એનો બોજો નથી લાગતો.

'હેન્ગિંગ ગાર્ડન ફિરૂન આલે કા?' સીતારામે પૂછ્યું.

હકારમાં માથું હલાવી ઈશાન

પોતાની ઓરડીમાં પેસી ગયો. ફરી પાછું સ્નાન, ધ્યાન અને હવે નિરાંતજીવે વેદાન્તગ્રંથોનું પુનરાવર્તન. મનમાં બધું ગોઠવાઈ ગયું હતું. બે રોટલાની ગરજ છે ત્યાર લગી દુનિયા જેને સ્વીકારે એ જાતનો પરિશ્રમ કરવો પડશે. બાકીનો સમય પોતાનો. ઠીક છે, કંઈ ખોટું નથી.

સાંજે નેન્સી અને શાલ્મલી આવ્યાં. ઉંમરમાં કરણ અને મિહિકા કરતાં ઘણી નાની હોવા છતાં નેન્સીમાં એક જાતની પ્રગલ્ભતા હતી. સીધી નજર માંડીને ક્યાંય લગી જોઈ શકે. મનમાં આવે તે સવાલ બેધડક પૂછી નાખે. સંતોષકારક જવાબ મેળવીને જ જંપે. એકની એક હોવાને લીધે એને પોતાનું ગૌરવભાન જરા વધારે પડતું હતું.

'તમે મારા ડેડ જેવા નથી દેખાતા.' તીવ્ર નિરીક્ષણ બાદ એણે જાહેર કર્યું.

પોતાની પુત્રીની અસાધારણ બુદ્ધિમત્તાના આ પુરાવાથી હરખઘેલી થઈ શાલ્મલી સૌના ચહેરા સામે જોવા લાગી; પણ મિહિકા વિચારમાં પડી ગઈ હતી કે એના સાધુ અંકલ પોતાના પપ્પા જેવા દેખાય છે કે કેમ? રીમાના ચહેરા પર આ આખાયે પ્રકરણનો નર્યો કંટાળો પથરાયો હતો. દેરાણીને ઈશાન સાથે એકલી મૂકવાનું એને સલામત લાગ્યું નહોતું. રખેને કંઈ માલમિલકતની વાત થઈ જાય એટલા પૂરતી જ એ અહીં બેઠી હતી. જ્યારે ઈશાનને આમાં કંઈ જવાબ આપવા જેવું લાગ્યું નહોતું.

'મમ્મી, આઈ ડોન્ટ થિન્ક હી'ઝ અ સાધુ. ઑરેન્જ કપડાં પણ નથી અને લાંબા વાળ પણ નથી.'

'જોયું? કેવું પકડી પાડ્યું?' કહી શાલ્મલી ખૂબ હસવા માંડી. બનાવટી હાસ્ય સાથે એણે ઈશાનને પૂછ્યું, 'પણ તમે કપડાં શા માટે બદલ્યાં? ભગવાં રાખ્યાં હોત તો બોમ્બેમાં પણ તમને ઘણા ફોલોઅર્સ મળી જાત. અહીં હવે લોકોને સ્પિરિચ્યુઅલ ઈન્ટરેસ્ટ બહુ હોય છે. બાય ધ વે, તમે ત્રણચાર દહાડા રહેવાના હો તો મને જરા સમાધિ કરતાં શિખવાડી દેજો ને!'

ઈશાન કંઈપણ બોલે તે પહેલાં સ્વીટુએ બીજો ધડાકો કર્યો, 'વ્હાય વેર યુ થ્રોન આઉટ?'

મિહિકા ચિડાઈ ગઈ. એણે આંખો કાઢીને નેન્સીને કહ્યું, 'શટ અપ! સાધુ અંકલની સાથે આવી રીતે બોલાય?'

'એ સાધુ પણ નથી અને મને લાગે છે કે અંકલ પણ નથી. કારણ કે એ કંઈ મારા ડેડ જેવા દેખાતા નથી. એમને એ લોકોએ કાઢી ન મૂક્યા હોય તો અહીંયા આવ્યા જ શા માટે? રાઈટ?'

શાલ્મલી મૂંઝવણમાં મુકાઈ ગઈ નાનોશો અકસ્માત થઈ ગયો. મોંએ ચડાવેલી છોકરીએ દરેકના મનમાં રમતી વાત એકદમ સૂર્યપ્રકાશમાં મૂકી દીધી. એના પરાવર્તિત ઝબકારાથી સૌ આંખ બચાવવા માગે છે - પોતપોતાની રીતે. મિહિકા સૌથી પહેલી ઊઠી. ગજવામાંથી ચ્યુઈંગમ કાઢીને એણે ઈશાન સામે ધરી.

ઈશાને તરત જ સ્મિત કરીને એ લઈ લીધી. જો એણે ના પાડી હોત તો મિહિકાના સ્નેહનો અનાદાર થાત અને એ તો કોઈથી ન કરાય. ક્યારેય ન કરાય, ભલે માણસ સંસારી હોય કે સાધુ કે પછી પોતાના જેવો... હા, ત્રિશંકુ!

'તમારાથી આ ખવાય?' ખસિયાણી પડી ગયેલી શાલ્મલીએ પૂછ્યું.

'ત્યાં આશ્રમમાં બહારની આવી વસ્તુઓ ખવાતી નથી, પણ આને હું મારી પાસે રાખીશ. એ મિહિકાની ભેટ છે.'

મિહિકા ખુશ થઈ ગઈ. હસીને એણે કહ્યું, 'થેન્ક યૂ, અંકલ!'

ઈશાને સ્મિત કર્યું.

શાલ્મલીને આ બધું પસંદ ન પડ્યું. વાતને પરાણે ખેંચીને પાછળ લઈ જતાં એ બોલી, 'તે તમને મેડિટેશન ને એવું બધું શીખવતાં આવડતું હોય તો આવતી કાલે બપોરે મારે ત્યાં લેડીઝ ગ્રુપની લન્ચ મિટિંગ છે. લન્ચ પછી અમે બધાં એકાદ-બે કલાક બેસીએ છીએ. તમારો પ્રોગ્રામ ગોઠવી શકાય. નો પ્રોબ્લેમ.'

'ના, નહીં ફાવે.'

કહી ઈશાન ત્યાંથી ઊઠીને પોતાના ઓરડામાં ચાલ્યો ગયો.

(વધુ આવતા અંકમાં)

Sleep less or Less sleep!

■ Utsavi Chheda

Have your mornings been grumpy, body ached, irritable, drowsy, and tired on the night that you slept less? With a major YES in response, along with other unhealthy lifestyle, you are digging your grave yard. Earlier it was studies during examinations that kept us up, added to it nowadays technology and socializing (partying, clubing, late night strolls, social networking mediums) are a reason for less sleep or late sleeps followed by early morning rush to office or school/ colleges. We have started abusing our body by burning candles from both ends and yes this silent burnout has & will lead to an increased risk of a heart attack and stroke as per a new study. You don't bother? Read more to this!



15 studies in European Heart Journal evaluated 47500 participant and found that sleep, less than 6 hours on a regularly basis raised risk of developing or dying from heart disease by 48% and stroke by 15%. The American Thoracic Society & the National Sleep Foundation voice out that adults aged 18-64 should get around 7-9 hours sleep each night, while those aged 65 and older should aim for 7-8 hours sleep each night

Poor sleep may cause widespread pain, a greater risk of dementia, hostility, depression, anxiety & panic attacks, decreases the levels of the satiety chemical leptin so you are likely to overeat which has direct lead to obesity and heart disease, levels of stress hormones increases that contribute to heart attack, stroke, and high blood pressure. Night snacking along with smoking and boozing is a huge problem when you are up till late night. Sleep must be considered a modifiable risk factor for cardiovascular disease along with smoking, lack of exercise and poor diet.

Tips To Get a Good Night's Sleep

There are a few things you can do to help you sleep better.

- Wear comfortable clothes.
- Be at the bed about the same time every night. Going to bed earlier in the evening puts you more in line with your body's natural sleep/wake cycle.
- Keep your bedroom cool and dark, as this signals your body to produce melatonin, the hormone that helps you to sleep soundly.
- Avoid large quantity of liquids before sleeping as you may have to get up several times in the night for rounds of washroom as a resulting disturbing your sleep.
- Avoid heavy exercises before sleeping as it may keep you fresh for long period of time
- If you get hungry in the late evening, have a light snack



- Drink a cup of tea that contains chamomile, which helps to make you drowsy.
- Avoiding watching television or social networking media as they may extend the time required for you to fall asleep.
- You may also opt to mediate to help you calm down after a tough day and peacefully fall asleep.

